# ગુજરાતી

# બાલભારતી

## ધોરણ ત્રીજું



Tele MANAS
National Tele Mental Health Programme
14416

# ટેલી-માનસ હેલ્પલાઈન

## ટેલી માનસ (આંતરરાજ્ય ટેલી માનસિક સ્વાસ્થ્ય સહાય અને નેટવર્કિંગ)

## (૧૪૪૧૬/૧૮૦૦-૮૯-૧૪૪૧૬)

કેન્દ્ર પુરસ્કૃત યોજના ટેલી માનસ રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ઑક્ટોબર ૨૦૨૨થી મહારાષ્ટ્ર રાજ્યમાં પણ અમલમાં મુકવામાં આવી છે. ટેલી માનસ કાર્યક્રમ અંતર્ગત સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન નંબર)-૧૪૪૧૬ દ્વારા ૨૪ X ૭ નિ:શુલ્ક એકાત્મિક અને સર્વ સમાવેશક માનસિક આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવે છે. જેમાં વિવિધ માનસિક સમસ્યાઓ માટે તજજ્ઞો દ્વારા ઉપચાર અને સમુપદેશન કરવામાં આવે છે. ટેલી માનસ સહાયતા ક્રમાંક પર ફોન કર્યા બાદ તમે આપેલી માહિતી સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ નિ:સંકોચ પોતાની સમસ્યા અને શંકા જણાવી તે વિશે માર્ગદર્શન મેળવવું. બીજા લોકોને પણ આ સુવિધા દ્વારા સહાયતા મેળવવા કહેવું. કેન્દ્ર શાસન દ્વારા શરૂ કરાયેલ ટેલી માનસ ઍપમાં ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ છે.

# મનોદર્પણ

**મનોદર્પણ સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન) 8448440632**

શિક્ષણ મંત્રાલયના નેજા હેઠળ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ દ્વારા ચાલતા મનોદર્પણ ઉપક્રમના માધ્યમે જુલાઈ ૨૦૨૦થી નિ:શુલ્ક દૂરધ્વનિ સેવા-મનોદર્પણ (૮૪૪૮૪૪૦૬૩૨) વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને માનસ શાસ્ત્રીય માર્ગદર્શન અને સહાયતા પ્રદાન કરવા માટે અઠવાડિયાના સાતે દિવસ સવારે ૮થી સાંજે ૮ વાગ્યા દરમિયાન ઉપલબ્ધ છે. વિદ્યાર્થી, વાલી અને શિક્ષકો આવશ્યક માર્ગદર્શન અને સમુપદેશન મેળવવા માટે આ હેલ્પલાઈન પર સંપર્ક કરી શકે છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તક રાજ્ય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ, પુણે દ્વારા તૈયાર કરાયેલા અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ અનુસાર તૈયાર કરવામાં આવ્યું છે તેમ જ તેમના દ્વારા આ પાઠ્યપુસ્તકની સમીક્ષા કરવામાં આવી છે. શાસન નિર્ણય ક્રમાંક અભ્યાસ - ૨૧૧૬/(પ્ર.ક્ર.૪૩/૧૬) એસડી - ૪ દિનાંક ૨૫-૦૪-૨૦૧૬ અન્વયે સ્થાપિત થયેલી સમન્વય સમિતિની ૧૩-૦૪-૨૦૨૬ રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.




મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪

બાજુના ચોરસમાં આપેલા Q.R. Code ને સ્માર્ટફોન વડે સ્કૅન કરતા, ડિજિટલ પાઠ્યપુસ્તક તેમ જ પાઠ્યપુસ્તકના ઘટક સંબંધિત દશ્ય, શ્રાવ્ય અને દશ્યશ્રાવ્ય સ્વરૂપમાં અધ્યયન અધ્યાપન સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ : ૨૦૨૬ © મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

**ગુજરાતી ભાષા સમિતિ સભ્યો :**

ડૉ. ઉષા નાયર, અધ્યક્ષ
શ્રીમતી ભાવના જોશી (સભ્ય)
શ્રીમતી પ્રતિભા પટેલ (સભ્ય)
શ્રીમતી જાગૃતિ રાઠોડ (સભ્ય)
શ્રીમતી પુષ્પા સોલંકી (સભ્ય)
શ્રીમતી ધર્મિકા દોશી (સભ્ય)
શ્રી ધીરેન દોશી (સભ્ય)
શ્રીમતી હીના પરમાર (નિમંત્રિત સભ્ય)
શ્રીમતી તન્વી પટેલ (નિમંત્રિત સભ્ય)
શ્રીમતી ઉર્મિલા પટેલ (નિમંત્રિત સભ્ય)
શ્રીમતી કેતકી જાની (સદસ્ય-સંયોજક)

**ગુણવત્તા સમીક્ષક**

ડૉ. અરવિંદ ભાંડારી　　ઍડવોકેટ ઝીલ ઠક્કર
શ્રીમતી પૂર્વી રાજ

**સંયોજન**

**શ્રીમતી કેતકી જાની**
વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ તથા
કાર્યકારી વિદ્યાસચિવ (ભાષા), પાઠ્યપુસ્તક મંડળ, પુણે

**મુખપૃષ્ઠ** : શ્રી. ભટૂ રામદાસ બાગળે
**ચિત્રકાર** : શ્રી. સંજય પટેલ
**અક્ષરગૂંથણી** : મુદ્રા વિભાગ, પાઠ્યપુસ્તક મંડળ, પુણે
**કાગળ** : ૭૦ જી.એસ.એમ.ક્રીમવોવ્હ,
**મુદ્રણાદેશ** :
**મુદ્રક** :

**નિર્મિતિ** : **શ્રીમતી મિતાલી શિતપ**
કાર્યકારી મુખ્ય નિર્મિતિ અધિકારી
**શ્રી. રાજેન્દ્ર પાંડલોસ્કર**
નિર્મિતિ અધિકારી

**પ્રકાશક** : **શ્રી. હેમંત બાબર**
કાર્યકારી નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ - ૨૫.

## પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

નવું શૈક્ષણિક વર્ષ શરૂ થઈ ગયું છે. ગુજરાતી બાલભારતી ધોરણ ત્રીજાનું આ પાઠ્યપુસ્તક આપના હાથમાં સોંપતા અંતરથી આનંદ અનુભવીએ છીએ.

વિદ્યાર્થી મિત્રો, ધોરણ પહેલા, બીજામાં તમે ગુજરાતી લખતાં-વાંચતા શીખ્યા છો. હવે તમે ધોરણ ત્રીજામાં આવ્યા છો. તમે સૌ ચોક્કસ ગુજરાતી-બાલભારતીનું આ પાઠ્યપુસ્તક વાંચવા માટે ઉત્સુક હશો. એ જ ઉત્સુકતા સાથે આ પાઠ્યપુસ્તક હાથમાં લો અને વાંચવાનું શરૂ કરો. આ પાઠ્યપુસ્તક તમને ચોક્કસ ગમશે જ!

આ પાઠ્યપુસ્તકમાં ખૂબ સરસ પાઠ, કાવ્ય, ચિત્રકથા, ચિત્રવર્ણનો આપવામાં આવ્યા છે. આ ઘટકો તમે વાંચશો, તે વિશે વિચારશો, ચર્ચા કરશો, પ્રશ્ન પૂછશો. સાથે જ તમે આ ઘટક સંબંધિત અનુભવો વ્યક્ત કરશો. આ સર્વ કૃતિઓના માધ્યમથી તમને નવીનવી વસ્તુઓ શીખવા મળશે. પાઠ્યપુસ્તકમાં આપેલાં ગેય કાવ્યો, તમે સૂર-તાલ અને અભિનય સહિત રજૂ કરી શકશો.

પાઠ્યપુસ્તકમાં પાઠ, કાવ્યો, ચિત્રવર્ણન, ચિત્રકથા, વિવિધ કૃતિઓમાં આપેલાં સુંદર, રંગીન અને બોલતાં ચિત્રો તમને ચોક્કસ ગમશે. પ્રસંગ અનુરૂપ ચિત્રોને કારણે તમે વાંચેલું લખાણ લાંબા સમય સુધી ધ્યાનમાં રહેશે. આ પાઠ્યપુસ્તકમાં વિવિધ શીર્ષક સાથે આપેલી દરેક કૃતિઓ કરવાથી, તમારા ભાષિક કૌશલ્યો વધુ વિકસિત થશે. સાથે જ તમારો ભાષાકીય શબ્દભંડોળ પણ વધશે.

આ પાઠ્યપુસ્તકના માધ્યમથી તમે શુદ્ધ ઉચ્ચાર સહિત, સરસ વાંચન કરતા શીખશો. સાથે જ શુદ્ધ અને ચોખ્ખું લેખન, તેમ જ આત્મવિશ્વાસપૂર્વક બોલતા શીખશો. એકબીજા સાથે સંવાદ સાધતા, વિવિધ પ્રસંગે શુભેચ્છા સંદેશ પાઠવતા, વિવિધ કાર્યક્રમોમાં વક્તવ્ય આપતા શીખશો. સાથે જ પુસ્તક સિવાયનું અન્ય બાળસાહિત્ય, વર્તમાનપત્ર, લોકસાહિત્યનો પણ પરિચય કેળવશો. ઘરે, શાળામાં, પરિસરમાં રોજિંદા વ્યવહારમાં ગુજરાતી ભાષા પ્રભાવી રીતે વાપરતા શીખશો. વિદ્યાર્થી મિત્રો, ગુજરાતી ભાષા વાંચો, સમજો, બોલો, લખો અને આનંદસહિત શીખો.

તમારા શૈક્ષણિક પ્રવાસ માટે તમને ખૂબ ખૂબ શુભેચ્છા.

પુણે
દિ. ૧૯/૦૪/૨૦૨૬
ભારતીય સૌર દિનાંક :
૨ વૈશાખ, ૧૯૪૮
અખાત્રીજ

**(અનુરાધા ઓક)**
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

# ભારતનું સંવિધાન

આમુખ

અમે ભારતના લોકો ભારતને એક
સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક
પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;
વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ,
ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા;
દરજ્જા અને તકની સમાનતા;
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તે સર્વમાં વ્યક્તિનું ગૌરવ
અને રાષ્ટ્રની એકતા અને અખંડતા
સુદૃઢ કરે એવી બંધુતા વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાનસભામાં
૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી
તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત – ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત – ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારા માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

### ભારતનું સંવિધાન

### ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

અનુચ્છેદ ૫૧ ક

મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.
(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.
(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.
(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.
(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.
(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.
(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.
(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.
(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.
(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.
(ટ) ૬થી ૧૪ વયજૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

# શિક્ષક સાથે સંવાદ

શિક્ષક મિત્રો,

આપે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર તૈયાર કરાયેલા આ પાઠ્યપુસ્તકના માધ્યમથી વિદ્યાર્થીઓ માટે નિર્ધારિત અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરાવવાની છે.

ધોરણ ત્રીજામાં પ્રવેશેલા વિદ્યાર્થીઓ ગુજરાતીમાં સંવાદ કરતા, લખતા-વાંચતા, ગદ્ય-પદ્યનું આકલન, સંવાદલેખન, કથાલેખન, કાવ્યનિર્મિતિ, સૂચનાલેખન શીખી ગયા છે.

આ વર્ષે વિદ્યાર્થીઓ વિવિધ બાળગીતો, વાર્તા જેવા સાહિત્યપ્રકારોની સાથે લોકસાહિત્ય અને સંતસાહિત્યનો આસ્વાદ માણશે. બાળકોનો શબ્દભંડોળ પણ વધશે. સાથે જ બાળકો પુસ્તક સિવાયના, અન્ય લખાણનું (વર્તમાનપત્ર, બાળસાહિત્ય, સૂચનાફલક) સમજપૂર્વક વાચન કરતા શીખશે.

નવા અભ્યાસક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીથી મુક્ત કરી, જ્ઞાનથી આકલન તરફ લઈ જવાનો છે. પાઠ અને કાવ્ય સમજાવતાં પહેલાં વિષય પ્રવેશ, વિષયનો પ્રાથમિક પરિચય આપતી કૃતિઓ કરાવવી. દરેક કૃતિમાં આપેલી શિક્ષક સૂચનાને ધ્યાનમાં રાખી કૃતિ કરાવવી. ઉપરાંત સ્વાધ્યાય માટે આપેલી કૃતિ જોઈ જવી અને સમજાવતી વખતે જ તે તરફ બાળકોનું પરોક્ષ રીતે ધ્યાન દોરવાથી બાળકો જાતે પ્રવૃત્તિઓ કરી શકશે. વિદ્યાર્થીઓ દરેક કૃતિ જાતે કરી શકે તે માટે તમારે જરૂરી માર્ગદર્શન આપવું. સહાયકની ભૂમિકા ભજવવી, તૈયાર જવાબો આપવા નહીં. જેથી અપેક્ષિત અધ્યનન નિષ્પત્તિઓ સારી રીતે સિદ્ધ થઈ શકશે. પાઠ-કાવ્ય પછી 'ચાલો, વાતચીત કરીએ'માં આપેલા પ્રશ્નો સિવાય પણ બીજા સંબંધિત પ્રશ્નો પૂછી ચર્ચાના માધ્યમથી વિષયનું બહોળું જ્ઞાન આપી શકો છો.

તમારે વર્ષના પ્રારંભે પાઠ્યપુસ્તકમાં આવતા નવા શબ્દોના અર્થવાળો બાળશબ્દકોશ તૈયાર કરી લેવો. તેનો ઉપયોગ કેવી રીતે કરાય તેનું પ્રાત્યક્ષિક વર્ગમાં કરાવવું. સમયાંતરે બાળકો સ્વતંત્ર રીતે બાળશબ્દકોશનો ઉપયોગ કરી શકે તેવો પ્રયત્ન કરવો. બાળશબ્દકોશની મદદથી અપરિચિત શબ્દોના અર્થ શોધવામાં બાળકોના સહાયક બનવું. પાઠ્યપુસ્તકમાં કાર્યાત્મક ઢબે, અનૌપચારિક રીતે, બાળસહજ ભાષામાં આડકતરો પરિચય આપી વ્યાકરણ આપવામાં આવ્યું છે. તમારે ભારરહિત ઢબે જ તે વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનું છે.

પાઠ્યપુસ્તકમાં શક્ય એટલી ભાષિક રમતો, ઉપક્રમ, જૂથકાર્ય, વર્ગમાં કરાવી શકાય તેવી કૃતિઓ આપવામાં આવી છે. તમે આવશ્યકતા અનુસાર તેનો સવિશેષ મહાવરો કરાવવા સ્વતંત્ર છો. પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કૃતિઓ કે પ્રશ્નો સિવાય પણ જુદા જુદા પ્રકારના પ્રશ્નો પૂછી શકો છો. બાળકોને સ્વમૂલ્યમાપન કરવાની તક પૂરી પાડવી.

શાળામાં આયોજિત વિવિધ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક સહભાગી થાય, પ્રસ્તુતિ રજૂ કરે, વક્તવ્ય આપે તે માટ પ્રેરિત કરવા. આ વર્ષે વિદ્યાર્થીઓ જુદા જુદા પ્રસંગે શુભેચ્છા સંદેશ પાઠવતા અને શુભેચ્છા કાર્ડ બનાવતા શીખશે.

પાઠ્યપુસ્તકમાં દરેક કૃતિની શરૂઆતમાં પ્રતીક આપવામાં આવ્યું છે. જેનો અર્થ છે કે તે કૃતિ સંબંધિત દરેક કાર્ય દરમિયાન વિશેષ જરૂરિયાતવાળા બાળકોનું સંપૂર્ણ ધ્યાન રાખવું. વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ માટે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા કરતી વખતે સાંકેતિક ભાષા (સાઈન લેંગ્વેજ) તથા અન્ય પૂરક અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરવો. વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને જે રીતે શક્ય હોય, તે રીતે વ્યક્ત થવાની તક આપવી.

આ પાઠ્યપુસ્તકના અધ્યયન-અધ્યાપન માટે આપ સૌને હાર્દિક શુભેચ્છા!

## અધ્યયન નિષ્પત્તિ અને તેને સાધ્ય કરતા પૃષ્ઠ ક્રમાંક

| અ. નિ ક્ર. | અધ્યયન નિષ્પત્તિ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| C-1.1.1 | વિવિધ સંદર્ભોમાં પોતાની ભાષામાં સુસંગતપણે ઓછામાં ઓછા ૫થી ૬ વાક્યો બોલે છે. | ૧,૨,૪,૧૧,૧૭,૧૯,૨૩,૨૬,૩૪,૪૦,૪૫,૪૭,૫૭,૬૨,૭૦,૭૬,૮૩ |
| C-1.1.2 | અનુભવેલી ઘટના અને પ્રસંગ વિશે વધુ માહિતી મેળવવા માટે અન્ય લોકો સાથે સંવાદ સાધે છે. | ૬,૧૦,૨૬,૪૦,૬૨,૭૬ |
| C-1.1.3 | બનેલી ઘટનાઓ અને પ્રસંગો વિશે વધુ માહિતી મેળવવા માટે અન્ય લોકો સાથે સંવાદ સાધે છે. | ૬,૨૬,૪૦,૬૨,૭૬ |
| C-1.2.1 | વર્ગમાં વિવિધ લખાણ વાંચીને તેમની મૂળ કલ્પના કહે છે. | ૧૪,૧૫,૨૯,૪૨,૬૪ |
| C-1.2.2 | લખાણની મૂળ કલ્પના વિશે પોતાની ભાષામાં ૬થી ૮ વાક્યોમાં બોલે છે. | ૧૪,૧૫,૨૯,૪૨,૬૪ |
| C-1.2.3 | વાંચેલા સાહિત્યમાંના લખાણનો સારાંશ કહે છે. | ૧૪,૧૫,૨૯,૪૨,૬૪ |
| C-1.3.1 | દર્શાવેલી/જોયેલી વસ્તુ તથા ચિત્ર વિશે ૩થી ૪ વાક્યમાં માહિતી આપે છે. | ૨,૨૩,૩૭,૪૨,૪૫,૭૮ |
| C-1.3.2 | વિવિધ કાર્યક્રમ પ્રસંગે પોતાની ભાષામાં શુભેચ્છા આપે છે. | ૭૨, ૮૫ |
| C-1.3.3 | વર્ગસ્તરે આયોજિત વિવિધ કાર્યક્રમમાં સહભાગ લે છે. | ૫૦,૭૨ |
| C-1.3.4 | વિવિધ કાર્યક્રમ પ્રસંગે વિવિધ વિષયો પર વક્તવ્ય આપે છે. | ૫૦,૭૨ |
| C-2.1.1 | પરિચિત, અપરિચિત લખાણમાંના સહેલા શબ્દો, જોડાક્ષરયુક્ત ૩થી ૫ વાક્યો યોગ્ય ગતિથી ભૂલ વિના વાંચે છે. | ૬,૭૩,૮૬ |
| C-2.1.2 | લખાણનું વાંચન કરતી વખતે ચિત્ર-શબ્દ-દ્રશ્ય પ્રતિમાનો સુમેળ સાધીને અર્થ કરે છે. | ૫૧,૫૨,૫૩,૫૪ |
| C-2.1.3 | વાંચેલા નાના લખાણનો અર્થ પોતાની ભાષામાં ૧થી ૨ વાક્યમાં બોલે છે. | ૭૩ |
| C-2.1.4 | અપરિચિત ગદ્યમાં આવેલા શબ્દોનો પર્યાયી શબ્દ કહે છે. | ૪૩,૪૪,૬૫,૬૬ |
| C-2.1.5 | લખાણના આશય સંબંધી અનુમાન કરી સ્વભાષામાં બોલે છે. | ૧,૧૪,૧૫,૨૯,૪૨,૬૪,૮૪ |
| C-2.2.1 | પુસ્તક સિવાય અન્ય લખાણનું (બાલ સાહિત્ય, વર્તમાનપત્ર સમાચાર, સૂચનાફલક) સમજપૂર્વક વાંચન કરીને પરિચિત, અપરિચિત શબ્દની યાદી તૈયાર કરે છે. | ૫૯,૭૨,૮૬ |
| C-2.2.2 | સહભાગી વાંચનમાં સહભાગી થાય છે. | ૪૩,૪૪,૬૫,૬૬ |
| C-2.2.3 | વાર્તા, કવિતા અથવા અન્ય સાહિત્યનો ઉદ્દેશ સમજે છે અને પોતાની માહિતીનો સમન્વય કરે છે. | ૧,૩,૮,૯,૧૫,૧૬,૨૨,૨૪,૩૦,૩૩,૩૮,૪૬,૫૧,૬૧,૬૫,૬૭,૭૫,૮૦,૮૭ |
| C-3.1.1 | લેખન નિયમાનુસાર વાક્યરચનાનો ક્રમ સમજીને વાક્ય તૈયાર કરે છે. | ૨,૨૩,૨૯,૪૨,૭૮ |
| C-3.1.2 | વાંચેલા પાઠની ઘટનાનો ક્રમ સુસંગતપણે લખે છે. | ૪૦,૪૮,૪૯ |
| C-3.1.3 | લખાણનું શીર્ષક-ઉપશીર્ષક ઓળખીને લખે છે. | ૮૬ |
| C-3.1.4 | પોતાના અનુભવોની ક્રમબદ્ધ માંડણી કરી લખે છે. | ૨,૧૪,૫૯,૬૪ |
| C-3.2.1 | વાંચેલાં લખાણના વિષય વિશે ૫થી ૬ વાક્યમાં લેખન કરે છે. | ૧૯,૪૧,૪૯,૬૪,૮૪ |
| C-3.2.2 | આપેલા વિષયના સંદર્ભમાં પોતાની ભાષામાં સુસંગતપણે ૫થી ૬ સાદાં વાક્યો લખે છે. | ૭,૧૯,૨૩,૪૧,૪૨,૪૯, ૬૪,૭૮,૮૪ |

| અ. નિ ક્ર. | અધ્યયન નિષ્પત્તિ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| C-3.3.1 | વિવિધ સુવિચાર, સુવાક્યનું અનુલેખન કરે છે. | ૨૦,૭૩ |
| C-3.3.2 | પદ્ય લખાણમાંથી પ્રાસયુક્ત શબ્દ લખે છે. | ૧,૫,૮,૧૫,૧૮,૩૫,૪૮,૬૩ |
| C-3.3.3 | પોતાના અનુભવ પોતાની ભાષામાં ૫થી ૬ વાક્યમાં લખે છે. | ૨,૧૪,૫૯,૬૪ |
| C-3.4.1 | શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી વિરામચિહ્ન સહ વાક્યોનું અનુલેખન કરે છે. | ૨૦,૭૩ |
| C-3.4.2 | યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરીને વાક્યલેખન કરે છે. | ૧૩,૨૮,૪૧ |
| C-3.4.3 | નામ, સર્વનામ, વચન, લિંગનો વિચાર કરી વાક્યલેખન કરે છે. | ૫.૧૨,૨૭,૩૬,૪૧,૪૨,૫૮, ૬૩,૮૫ |
| C-4.1.1. | એક શબ્દના સમાન અર્થ ધરાવતા બીજા શબ્દ કહે છે. | ૫,૧૨,૧૮,૨૭,૩૫,૪૧,૪૮, ૫૮,૬૩,૭૦,૭૭,૮૫ |
| C-4.1.2 | એક શબ્દના વિવિધ અર્થ શોધે છે. | ૧૩,૩૬ |
| C-4.1.3 | શબ્દ વિસ્તાર કરે છે. | ૧૯,૭૧ |
| C-4.1.4 | સમૂહવાચક અને શબ્દ સમૂહ માટે એક શબ્દ શોધીને કહે છે. | ૧૪,૧૮,૭૩ |
| C-4.2.1 | વિવિધ પ્રસંગ અને ચિત્રોનું વર્ણન કરવા માટે શબ્દ યોજના તૈયાર કરે છે. | ૨,૨૩,૪૨,૪૫,૫૦,૮૮ |
| C-4.2.2 | ભાષિક ચિત્ર-રમતમાં નવા શબ્દોનો ઉપયોગ કરે છે. (દાખલા તરીકે શબ્દ કોયડા તથા એક અક્ષર પરથી શરૂ થતા શબ્દ વગેરે.) | ૧૮,૭૦,૭૧,૭૮,૭૯,૮૦ |
| C-4.3.1 | લોકગીત, સુભાષિત વગેરેમાંથી કાવ્યપંક્તિ વાંચીને તેમાંના અપરિચિત શબ્દનો અર્થ કહે છે. | ૨૦,૮૭ |
| C-4.3.2 | વિવિધ લોકસાહિત્ય/સંત સાહિત્ય/સુભાષિતો/લોકગીત વગેરે વાંચીને અપરિચિત શબ્દનો ભંડોળ વધારે છે. | ૨૦,૮૭ |
| C-5.1.1 | શાળાના પુસ્તકાલય, સાર્વજનિક પુસ્તકાલયની મુલાકાત લઈને પુસ્તકાલયનો પરિચય કેળવે છે. | ૧૪ |
| C-5.1.2 | શાળાના પુસ્તકાલયમાંથી નિયમિત પુસ્તકો લે છે અને વાંચન કરે છે. | ૧,૧૪,૮૭ |
| C-5.1.3 | રુચિ પસંદગી અનુસાર વાર્તા, ગીતના વિવિધ પુસ્તકો શોધે છે અને વાંચે છે. | ૧,૧૪,૮૭ |
| C-5.2.1 | પુસ્તકનું મુખપૃષ્ઠ-પાછળનું પૃષ્ઠ, શીર્ષકનું નિરીક્ષણ કરીને તે વિષયની ચર્ચામાં સહભાગી થાય છે. | ૧૪ |
| C-5.3.1 | વર્તમાનપત્રમાંના ચિત્રો જોઈ સમાચારનો વિષય કહે છે. | ૧૦,૪૨,૫૫,૫૯ |
| C-5.3.2 | વર્તમાનપત્રમાંના સમાચારના શીર્ષક વાંચે છે. | ૧૦,૫૯,૮૬ |

**નોંધ –** ધોરણ ત્રીજાનાં બાળકો વર્ષાંતે ઓછીમાં ઓછી અહીં આપેલી અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરે એ અપેક્ષિત છે. અહીં જે તે અધ્યયન નિષ્પત્તિ સામે નોંધવામાં આવેલા પૃષ્ઠ ક્રમાંક સિવાય, અન્ય પૃષ્ઠ ક્રમાંક પર આપવામાં આવેલા આશય દ્વારા પણ તે અધ્યયન નિષ્પત્તિ સાધ્ય થઈ શકે છે. દરેક પૃષ્ઠ પર આપેલા એકમ દ્વારા અહીં આપેલી અધ્યયન નિષ્પત્તિ સિવાય અન્ય અધ્યયન નિષ્પત્તિઓ પણ સાધ્ય થઈ શકે છે.

**ઋણ સ્વીકાર :** પ્રસ્તુત પાઠ્યપુસ્તકમાં જે જે કવિ-લેખકની કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, તેમનો પાઠ્યપુસ્તક મંડળ વિશેષ આભાર માને છે. દરેક સંભવિત પ્રયત્નો કર્યા બાદ પણ કેટલાક સાહિત્યકારોના તથા કોપીરાઈટ ધારકોના સંપર્કસૂત્ર પ્રાપ્ત થયા નથી, મંડળ તે દિશામાં કાર્યરત છે.

★ **પાઠ્યપુસ્તકમાં આપેલાં ચિત્રોમાં જો રાષ્ટ્રધ્વજની રંગછટા વિસંગત જણાતી હોય તો તે તાંત્રિક મર્યાદાને કારણે છે.**

# અનુક્રમણિકા


## ભાગ - ૧

| અ.ક્ર. | કૃતિ | પૃ.ક્ર. |
|---|---|---|
| ૧ | પ્રાર્થના | ૧ |
| ૨ | ચિત્રવર્ણન | ૨ |
| ૩ | હું ને મારી ઢીંગલી | ૩ |
| ૪ | ચોમાસું | ૮ |
| ૫ | કીડીબાઈની મુસાફરી | ૯ |
| ૬ | બેની લડાઈમાં ત્રીજો ફાવે | ૧૫ |
| ૭ | રાષ્ટ્રધ્વજ | ૧૬ |
| ૮ | આળસને ખંખેરતો જા | ૨૨ |

## ભાગ - ૨

| અ.ક્ર. | કૃતિ | પૃ.ક્ર. |
|---|---|---|
| ૯ | ચિત્રવર્ણન | ૨૩ |
| ૧૦ | આભ તૂટ્યું | ૨૪ |
| ૧૧ | પાંચ હજાર કે પંદર હજાર | ૩૦ |
| ૧૨ | મેઘધનુષ્ય કે ટિફિન ડબ્બો | ૩૩ |
| ૧૩ | આનંદી કાગડો | ૩૮ |
| ૧૪ | ચાલો, રમીએ | ૪૩ |

## ભાગ - ૩

| અ.ક્ર. | કૃતિ | પૃ.ક્ર. |
|---|---|---|
| ૧૫ | ચિત્રવર્ણન | ૪૫ |
| ૧૬ | એક એક બીજ | ૪૬ |
| ૧૭ | પારિવારિક ગપસપ | ૫૧ |
| ૧૮ | મારું નામ હવા | ૫૫ |
| ૧૯ | સિંહની પરોણાગત | ૬૧ |
| ૨૦ | અક્કલનું માટલું | ૬૫ |

## ભાગ - ૪

| અ.ક્ર. | કૃતિ | પૃ.ક્ર. |
|---|---|---|
| ૨૧ | ચોખ્ખાઈ કરે ભલાઈ | ૬૭ |
| ૨૨ | 'ળ' કહે છે | ૭૫ |
| ૨૩ | કલાની કરામત | ૮૦ |
| ૨૪ | ચાંદો સૂરજ રમતા'તા | ૮૭ |


## ✻ પાઠ્યપુસ્તકમાં વાપરવામાં આવેલા પ્રતીકો ✻


ચાલો, ગાઈએ


ચાલો, લખીએ


શિક્ષકો માટે


ચાલો, વાંચીએ


ચાલો, બોલીએ


ચાલો, વાતચીત કરીએ


ચાલો, હસીએ


સાંકેતિક ભાષા

# ૧. પ્રાર્થના

♦ **ચાલો, ગાઈએ**

અમે તો તારાં નાનાં બાળ,
અમારી તું લેજે સંભાળ.

ડગલે પગલે ભૂલો અમારી,
દે સદ્‌બુદ્ધિ, ભૂલો વિસારી,
તુજ વિણ કોણ લેશે સંભાળ?
અમે તો તારાં નાનાં બાળ.

દીન-દુઃખિયાનાં દુઃખ હરવાને
આપો બળ મને, સહાય થવાને,
અમ પર પ્રેમ ઘણો વરસાવ,
અમે તો તારાં નાનાં બાળ.

– નિર્મળા ઓઝા



## ચાલો, કૃતિ કરીએ

♦ **ચાલો, વાતચીત કરીએ**

(૧) બાળક ઉપરનું કાવ્ય કોને ઉદ્દેશીને ગાય છે?
(૨) બાળક પ્રભુ પાસે બળ શા માટે માંગે છે?
(૩) બુદ્ધિ અને સદ્‌બુદ્ધિમાં શું ફેર છે?
(૪) કોઈ મુશ્કેલી આવે ત્યારે તમે કોની મદદ માંગો છો?
(૫) બાળકે પ્રભુ પાસે કરેલી માંગણીઓ યોગ્ય છે? શા માટે?

## ભાષિક સમજ

♦ **નીચેના શબ્દોના અર્થ શોધીને લખો.**

દીન – .......... સહાય – .......... વિસરવું – .......... હરવું – ..........

♦ **પ્રાસયુક્ત શબ્દ લખો.**

ભૂલ – .......... બળ – .......... દીન – .......... મને – ..........

♦ **પુસ્તકાલયમાંથી બીજા પ્રાર્થના કાવ્ય મેળવીને ગાઓ.**

બાળકોને સૂર-તાલ અને અભિનય સહિત કાવ્ય ગાઈ સંભળાવવું અને અભિનય સહ ગવડાવવું

# ૨. ચિત્રવર્ણન

♦ નીચેના ચિત્રનું નિરીક્ષણ કરો.



♦ ચાલો, વાતચીત કરીએ

(૧) તમે સમુદ્રકિનારે જાઓ ત્યારે શું કરો છો?

(૨) ચિત્રમાંની કઈ પ્રવૃત્તિ તમને વધારે ગમે છે?

(૩) આ ચિત્રને તમે શું નામ (શીર્ષક) આપશો?

♦ ત્રણથી ચાર વાક્યમાં આ ચિત્રનું વર્ણન કરો.

♦ તમારી સમુદ્રકિનારાની મુલાકાતને તમારી ભાષામાં પાંચથી છ વાક્યોમાં વર્ણવો.

ચિત્રવર્ણનની કૃતિઓનો વિશેષ મહાવરો કરાવવો. ચિત્રવર્ણન કરતી વખતે યોગ્ય શબ્દયોજના તૈયાર કરે, લેખન નિયમાનુસાર વાક્યરચનાનો ક્રમ સમજીને વાક્યરચના તૈયાર કરે, વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરે તે જોવું.

# ૩. હું ને મારી ઢીંગલી

## ♦ ચાલો, ગાઈએ

હું ને મારી ઢીંગલી બે ફરવા રે ગ્યા'તા,
ફરવા રે ગ્યા'તા, અમે રમવા રે ગ્યા'તા... (૨)
હું ને મારી...



નાનાં-મોટાં ઝાડ જોયાં, ઊંચા-નીચા પહાડ જોયાં,
પંખીની કતાર જોઈ, ટેકરીના ઢાળ જોયાં,
ઢાળ ઉપર ધીરે ધીરે ઢળવા રે ગ્યા'તા,
ઢળવા રે ગ્યા'તા, અમે રમવા રે ગ્યા'તા... (૨)
હું ને મારી...

જૂઈ જોઈ, ચંપો જોયો, જાસૂદ બે-ચાર જોયાં,
મોગરો, ચમેલી જોઈ, હસતાં ગુલાબ જોયાં,
ફૂલોની દુનિયા જોવાને ગ્યા'તા,
જોવાને ગ્યા'તા', અમે રમવા રે ગ્યા'તા... (૨)
હું ને મારી...





નદી જોઈ, તળાવ જોયા, ઊંડા ઊંડા દરિયા જોયા,
ધસમસતા ધોધ જોયા, ખળખળતાં ઝરણાં જોયાં,
ઝરણાનું જળ અમે પીવા રે ગ્યા'તા,
પીવા રે ગ્યા'તા, અમે રમવા રે ગ્યા'તા... (૨)
હું ને મારી...

- જિતેન્દ્ર પ્રજાપતિ

બાળકોને સૂર-તાલ અને અભિનય સહિત કાવ્ય ગાઈ સંભળાવવું અને અભિનય સહ ગવડાવવું

## ચાલો, કૃતિ કરીએ

♦ **ચાલો, વાતચીત કરીએ**

(૧) તમે કોની સાથે ફરવા જાઓ છો?

(૨) તમારું પ્રિય રમકડું ક્યું છે?

(૩) તમને ક્યાં ફરવા જવું ગમે?

(૪) ફરવા જઈએ ત્યારે આપણે કઈ વસ્તુનું ધ્યાન રાખવું જોઈએ?

### કૃતિના આધારે

♦ **યોગ્ય જોડકાં જોડો.**

| | |
|---|---|
| કતાર | ફૂલ |
| દુનિયા | ઝરણાં |
| જળ | ઢાળ |
| ટેકરી | પંખી |

♦ **કેવા તે કહો.**

(૧) .................... ગુલાબ

(૨) .................... ધોધ

(૩) .................... દરિયા

(૪) .................... ઝરણાં

♦ **આકૃતિબંધ પૂર્ણ કરો.**

કાવ્યમાં આવેલા જળ સ્ત્રોત
↓ ..........
↓ ..........
↓ ..........
↓ ..........
↓ ..........




કાવ્યમાં આવેલા પ્રાકૃતિક તત્વો → .......... → .......... → .......... → ..........

## ભાષિક સમજ

♦ **નીચે આપેલા શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) પાણી ____

(૨) પર્વત ____

(૩) પુષ્પ ____

(૪) સમુદ્ર ____

♦ **વિરોધી શબ્દો જોડો.**

નાના ઊંચા ઊંડા ધીરે હસતા

નીચા મોટા જલદી રડતા છીછરા

♦ **એક – અનેક**

એક હોય તો છોકરો – વધુ હોય તો છોકરાઓ કહેવાય. એ જ રીતે નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.

| ચિત્ર | એક | ચિત્ર | અનેક |
| --- | --- | --- | --- |
|  | |  | વાંદરાઓ |
|  | ઘોડો |  | |
|  | |  | દડાઓ |
|  | ડબ્બો |  | |

♦ **પ્રાસયુક્ત શબ્દો લખો.**

હરવા ____ રમવા ____ જળ ____

ઢાળ ____ જોવા ____ ચાર ____

પ્રાસયુક્ત શબ્દ, એક શબ્દના બીજા પર્યાયી શબ્દોનો વિશેષ મહાવરો કરાવવો. ઓકારાન્ત શબ્દનું બહુવચન કઈ રીતે થાય છે, તે તરફ પરોક્ષ ધ્યાન દોરવું.

♦ નીચેના શબ્દો સુધારીને લખો.

(૧) ગૂલાબ - ................ (૩) ઢિંગલી - ................

(૨) દરીયો - ................ (૪) દૂનિયા - ................

## વિશેષ કૃતિ

♦ તમને ફરવા જવું ગમે છે? શા માટે?

♦ મને ઓળખી મારું નામ લખો.







................ ................ ................ ................ ................

## સંભાષણ

♦ તમે છેલ્લે ફરવા ગયા ત્યારે તમે શું શું જોયું, તે વિશે વર્ગમાં મિત્રો સમક્ષ વર્ણન કરો.

♦ ઉમાશંકર જોશી રચિત કાવ્ય 'ઝરણું રમતું રમતું આવે' ગાઓ.

## પરિચ્છેદ લેખન

કોઈ પણ વિષય ઉપર વિચાર આવે.
તે વિચારને ભાષામાં વ્યક્ત કરાય.
આ ભાષા સાદી, સરળ, ક્રમબદ્ધ રચનાવાળી હોય.
આ માટે વાક્યોનો ઉપયોગ થાય.
વાક્યોનાં વિચારબદ્ધ સંયોજનથી નાના પરિચ્છેદ રચાય.

કોઈપણ પ્રાણી, પદાર્થ, ચિત્ર, ભાવ, ક્રિયા વગેરે ઉપર નજર પડે.
જોવાથી મનમાં વિચાર આવે.
વિચારને ઉકેલવા પ્રશ્નો જાગે.
પ્રશ્નોના ઉત્તરોમાં પરિચ્છેદ લખાય.



બાજુનું ચિત્ર જુઓ.
ગાયનું ચિત્ર જોઈને નીચેના પ્રશ્નો સહજ જ ઊઠે.
ક્યું પ્રાણી છે? → ચોપગું, બે શીંગડાંવાળું, એક પૂછડીવાળું
કેવું પ્રાણી છે? → પાલતું → તેને પાળી શકાય, ઉપયોગી → તેનું દૂધ આપણે પીએ છીએ, ગમી જાય તેવું → તેને જોવી ગમે, તેને પંપાળી શકાય. આ રીતે ગાયમાંથી વિષય મળે પ્રાણીનો → તેમાંથી મુદ્દા ઊઘડે → બે રીતે લખાય- વાક્યોમાં - પરિચ્છેદમાં.

| વાક્યોમાં | પરિચ્છેદ |
|---|---|
| ગાય પાલતું પ્રાણી છે.<br>ગાયને બે શીંગડાં છે.<br>ગાયને એક પૂછડું છે.<br>ગાયને ચાર પગ ને બે આંખો છે.<br>ગાય દૂધ આપે છે.<br>ગાય સફેદ, કાળા, ભૂખરા રંગની હોય છે.<br>ગાયને ગાયમાતા કહેવાય છે. | આ ગાય છે. ગાયને પાળી શકાય છે. ગાય સફેદ, કાળા, ભૂખરા રંગની હોય છે. ગાય ઘાસ ખાય છે.<br>ગાયનું દૂધ આપણે પીએ છીએ. ગાયનું છાણ લીંપવાના કામમાં આવે છે. ગાય અંભા અંભા અવાજ કરે છે. ગાય વાછરડાને જન્મ આપે છે. આપણે ગાયને માતા કહીએ છીએ. |

## મારી કલમે

♦ **નીચેના મુદ્દાઓને આધારે 'મારો પરિચય' વિશે પાંચથી છ વાક્યો ધરાવતો પરિચ્છેદ તૈયાર કરો.**

તમારું નામ, માતા-પિતાનું નામ, શાળાનું નામ, ક્યા ધોરણમાં ભણો છો? તમારા ઘરમાં કોણ કોણ છે? તમારા મિત્રનું નામ? તમને શું ગમે?

## કલાનો કસબ

♦ **ચાલો ઢીંગલી બનાવીએ.**




પહેલાં ચિત્રના આધારે ઢીંગલી બનાવવા માટે જોઈતું સાહિત્ય અને તેના પગથિયા અંગે ચર્ચા કરાવવી. ત્યાર બાદ બાળકો ઢીંગલી બનાવે ત્યારે, માર્ગદર્શક તેમ જ સહાયકની ભૂમિકા ભજવવી.

# ૪. ચોમાસું

♦ ચાલો, ગાઈએ



ઓહો! આ તે શું કહેવાય?
સૂ સૂ સૂ સૂ વાયુ વાય.
વાદળીઓ દોડે આકાશ,
ઉપરાઉપરી ચારે પાસ.
ઝબકે વીજળી ગડગડ થાય,
બાળક મનમાં બહુ હરખાય.
ચારે બાજુ છે ઘનઘોર,
ટેંહુક ટેંહુક બોલે મોર.



ફોરાં નીચે પડતાં જાય,
પાણી પાણી સઘળે થાય.
ઝાડ ઊભાં ઊભાં ન્હાય,
પંખીઓ માળે સંતાય.
તળાવ નાનું આ છલકાય,
નદીઓ રેલમછેલ થાય.

♦ ધોરણ ૧ની બાલભારતીમાંથી ભીખાભાઈ સુથાર રચિત કાવ્ય 'ત્રણ ઋતુએ હું રીઝું!' ગાઓ.

♦ ઈશ્વરલાલ દેસાઈ રચિત બાળગીત 'વાદળ, વાદળ વરસો પાણી!' ગાઓ.

બાળકોને સૂર-તાલ અને અભિનય સહિત કાવ્ય ગાઈ સંભળાવવું અને અભિનય સહ ગવડાવવું. બાળકોને કાવ્યના ચિત્રના આધારે આશયનું અનુમાન કરી બોલવા કહેવું. દશ્યશ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને બાળકોને 'અષાઢ ઉચ્ચારમ્ મેઘમલ્હારમ્' ગીત સંભળાવવું/દેખાડવું.

# ૫. કીડીબાઈની મુસાફરી

વરસાદ આવ્યો ને પાણીનાં ખાબોચિયાં ભરાયાં. છોકરાઓએ કાગળની હોડીઓ બનાવીને પાણીમાં તરવા મૂકી. હવાની લહેરો આવે, ને હોડીઓ આઘીપાછી થાય. છોકરાઓ એ જોઈને રાજીરાજી થાય.

છોકરાઓ તો રમીને ઘેર ચાલ્યા ગયા. હોડીઓ પાણીમાં તરતી રહી. કેટલીક પલળીને ડૂબી ગઈ. કેટલીક તરતી રહી. એક કીડી ફરતી-ફરતી આવી અને ખાબોચિયાના કાંઠે એક હોડી પર ચડી. હોડી પર ચડીને આમતેમ ફરવા લાગી. આખી હોડી જોઈ વળી. અચાનક હવાની લહેર આવી, ને હોડી ઊપડી. કીડી તો મૂંઝાઈ ગઈ. એને નીચે ઊતરી જવું હતું, પણ હોડી તો પાણીમાં અધવચ્ચે પહોંચી ગઈ.

ચારે તરફ પાણી જ પાણી. કીડી ગભરાવા લાગી. હોડી તરતી તરતી ખાબોચિયાના બીજા કાંઠે પહોંચી ગઈ. કીડીને થયું કે, લાવ અહીં ઊતરી જાઉં. હોડીની કિનારી પર ચડીને એ જમીન પર ઊતરવા ગઈ, પણ એ જ વખતે હવાનો એવો સપાટો આવ્યો કે હોડી સડસડાટ ચાલવા લાગી. વળી પાણીમાં અધવચ્ચે પહોંચી ગઈ. હવે તો ઉપર આકાશ ને નીચે પાણી. કીડી એકલી-અટૂલી હોડીમાં આમથી તેમ દોડ્યા કરે. અચાનક એ વખતે ખાબોચિયાના કાંઠે ઊગેલા જાંબુના



વિદ્યાર્થીઓને યોગ્ય આરોહ-અવરોહ અને ઉચ્ચાર સાથે, વિરામચિહ્નોની સભાનતા સહ ક્રમિક વાંચન કરાવવું.



ઝાડ ઉપરથી એક પાકું જાંબુ હોડીમાં પડ્યું. થોડી વાર પછી રસ્તે જતી એક ટ્રકમાંથી બાજરી, ઘઉં અને ચોખાના દાણા ઊડીને હોડીમાં પડ્યા. પવનની એક લહેર આવી અને ઘાસનાં ફૂલોની પાંખડીઓ અને થોડાં બીજ હોડીમાં આવી પડ્યાં. રસ્તે જતા એક માણસે ચીભડાનાં બી કાઢીને ખાબોચિયામાં ફેંક્યા, તે પણ હોડીમાં પડ્યાં. હોડી હાલક-ડોલક થઈ ગઈ પણ ડૂબી નહીં.

કીડી તો મહિનાઓ સુધી ચાલે એવડો મોટો ખજાનો જોઈને રાજીરાજી થઈ ગઈ. પણ, પાણીમાં ડોલતી હોડીમાં એ ખજાનાનો ઉપયોગ શો?

અચાનક હવાની ઊલટી લહેરો શરૂ થઈ અને હોડી ધીમેધીમે કિનારા તરફ ખસવા લાગી અને જ્યાંથી ઊપડી હતી ત્યાં જ જઈને ઊભી રહી.

કીડી તરત જ હોડીમાંથી ઊતરી ગઈ અને દોડતી જઈને પોતાના દરમાંથી બીજી કીડીઓને બોલાવી લાવી. થોડી વારમાં તો સેંકડો કીડીઓની હાર થઈ ગઈ.

હોડીમાં જે કાંઈ હતું એ બધું જ નીચે ઊતારીને કીડીઓ પોતાના દરમાં લઈ જવા લાગી. કાગળની હોડી પલળીને ડૂબી ગઈ, પણ એ પહેલાં બધો જ ખજાનો કીડીઓએ પોતાના દરમાં પહોંચાડી દીધો.

પછી મહિનાઓ અને વર્ષો સુધી પેલી મહાન મુસાફર કીડીની અને એની અદ્ભુત મુસાફરીની વાતો કીડીઓના પ્રદેશમાં થતી રહી.

– મોહમ્મદ માંકડ



ચોમાસામાં વર્તમાનપત્રમાં છપાતા 'વરસાદ સંબંધી ચિત્રો'ના આધારે ચર્ચા કરવા કહેવું. સમાચારના શીર્ષક વાંચી સંભળાવવા. વર્ષા સંબંધી તેમના અનુભવ વર્ણવવા કહેવું.

## ચાલો, કૃતિ કરીએ

### ♦ ચાલો, વાતચીત કરીએ

(૧) તમે મુસાફરી માટે ક્યાં વાહનનો ઉપયોગ કરો છો?

(૨) તમારા મમ્મી ઘરમાં કઈ કઈ વસ્તુનો સંગ્રહ કરે છે?

(૩) હવાના સપાટાની જુદી જુદી વસ્તુઓ પર શી અસર થાય? જેમ કે - ભીનાં કપડાં, ઝાડનાં પાંદડાં, હલકી વસ્તુઓ

(૪) આપણે ક્યા ક્યા માર્ગે મુસાફરી કરી શકીએ છીએ?

(૫) તમને ગમતા ખજાનામાં કઈ કઈ વસ્તુઓ છે?

(૬) કીડી અને બીજાં પ્રાણીઓનાં વર્તનમાં શું ફેર છે?

(૭) કીડીનાં ખજાનામાં આવેલી વસ્તુઓનું વર્ગીકરણ કરો.

## કૃતિના આધારે

### ♦ ખોટો વિકલ્પ છેકી નાખો.

(૧) ખાબોચિયાના કાંઠે ઝાડ હતું - ચીકુનું/જાંબુનું

(૨) કીડીઓએ પોતાનો ખજાનો પહોંચાડ્યો - દરમાં/માળામાં

(૩) છોકરાઓએ હોડી બનાવી - કાગળની/પ્લાસ્ટિકની

(૪) હોડીઓ આઘીપાછી થતી જોઈ છોકરાઓ થયા - દુ:ખી/રાજી

### ♦ કીડીના ખજાનામાં નીચેનામાંથી જે વસ્તુઓ હતી, તેના ફરતે ◯ કરો.



## ♦ વિધાનો સાચાં છે કે ખોટાં તે કહો.

(૧) કીડીને થોડા દિવસ ચાલે એટલો જ ખજાનો મળ્યો. સાચું ખોટું

(૨) કીડીઓનાં પ્રદેશમાં કીડીની અદ્‌ભુત મુસાફરીની વાતો થતી રહી. સાચું ખોટું

(૩) એક માણસે તરબૂચનાં બી કાઢીને ખાબોચિયામાં ફેંક્યાં. સાચું ખોટું

(૪) હોડી હાલક-ડોલક થઈને પાણીમાં ડૂબી ગઈ. સાચું ખોટું

### ભાષિક સમજ

## ♦ સમાન અર્થ ધરાવતા શબ્દોને જોડો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ફૂલ | હવા | કાંઠે | હોડી | પાણી | રાજી |
| કિનારે | જળ | ખુશ | પુષ્પ | પવન | નૌકા |

## ♦ વિરોધી શબ્દ લખો.

ઉપર x .................... કાચું x ....................

સીધી x .................... ચડવું x ....................

## ♦ એક હોય તો હોડી-વધુ હોય તો હોડીઓ કહેવાય. એ જ રીતે ચિત્રના આધારે લખો.

(૧)  ....................  ....................

(૨)  ....................  ....................

(૩)  ....................  ....................

(૪)  ....................  ....................



ઈકારાન્ત નામનું બહુવચન કઈ રીતે થાય છે, તે તરફ બાળકોનું પરોક્ષ ધ્યાન દોરવું.

## ♦ કૃતિમાંથી નીચેના જોડશબ્દ પૂરા કરો.

આધી .................... આમ .................... એકલી .................... હાલક ....................

## ♦ શબ્દ એક અર્થ અનેક – બાળમિત્રો ભાષામાં એક જ શબ્દના અનેક અર્થ પણ થાય છે. દા.ત.

| | | |
|---|---|---|
| હાર | – પંક્તિ, કતાર | – શિક્ષકે બધાંને હારમાં ઊભાં રહેવાં કહ્યું. |
| હાર | – ગળામાં પહેરવાનું ઘરેણું | – કંચને સુંદર મોતીનો હાર પહેર્યો હતો. |
| હાર | – ફૂલની મોટી માળા | – અતિથિને હાર પહેરાવી તેમનું બહુમાન કર્યું. |
| હાર | – પરાજય | – કબડ્ડીની રમતમાં અમારી હાર થઈ. |

એ જ રીતે નીચેના શબ્દોના અર્થ જાણો અને વાક્યમાં ઉપયોગ કરો.

| | | | |
|---|---|---|---|
| ફળ | – વૃક્ષનું ફળ, જેમ કે કેરી, કેળાં | ફળ | – કાર્યનું પરિણામ |
| ગોળી | – દવાની ટિકડી | ગોળી | – બંદૂકની ગોળી |
| સોમ | – એક વાર | સોમ | – ચંદ્ર |

## ♦ વિરામચિહ્નો

બાળમિત્રો, ભાષામાં વિરામચિહ્નોનું ખૂબ જ મહત્ત્વ છે. જો વિરામચિહ્ન ખોટી રીતે લખાય અથવા બોલાય તો વાક્યના અર્થનો અનર્થ થઈ શકે છે. જેમ કે નીચે એક વાક્ય આપ્યું છે.

**અહીં ગંદકી કરવી નહીં, કરનારને સજા થશે.**

આ વાક્યમાં જો ‘,’ (અલ્પવિરામ)નું ચિહ્ન ખોટી જગ્યાએ લખવા અથવા બોલવામાં આવે તો વાક્યનો શું અર્થ થાય તે જોઈએ.

**અહીં ગંદકી કરવી, નહીં કરનારને સજા થશે.**

આ વાક્યનો અર્થ થાય છે. અહીં ગંદકી કરવી, જો ગંદકી નહીં કરો તો સજા થશે.

માટે વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ જરૂરી છે. તમે પૂર્ણવિરામ અને પ્રશ્નાર્થચિહ્નનો અભ્યાસ કર્યો છે. હવે નીચેના વિરામચિહ્નો વિશે જાણીએ.

**અલ્પવિરામ** : એક જ જાતિના અનેક શબ્દ સાથે આવે તો તે શબ્દની આગળ (,) આવું ચિહ્ન લખાય. દા.ત. : કરણ, સુમન, ભાવિન અને લતા રમે છે.

**ઉદ્ગારચિહ્ન** : આનંદ, દુઃખ, ડર, આશ્ચર્ય વગેરે ભાવ જે શબ્દો કે વાક્યો દ્વારા દર્શાવાય છે, તેને અંતે (!) આવું ચિહ્ન આવે છે, તેને ઉદ્ગારચિહ્ન કહે છે. દા.ત. : શાબાશ! અરેરે!



‘શબ્દ એક, અર્થ અનેક’ સંકલ્પના સરળ ઉદાહરણ સહિત સમજાવવી.

♦ નીચેના વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરી લખો.

(૧) રાકેશ ડાહ્યો છોકરો છે

(૨) વર્ગમાં બ્લૅકબોર્ડ ચૉક ડસ્ટર અને ટેબલ હતાં

(૩) આપણે દરરોજ તાજાં ફળ શાક લીલી ભાજી ખાવાં જોઈએ

(૪) લક્ષ્મણ ભરત શત્રુઘ્ન રામના ભાઈ હતા

(૫) ઓ હો એમ વાત છે

(૬) તમે મોટાં થઈને શું બનશો

♦ સમૂહવાચક શબ્દો શીખીએ

ફૂલ  → ગુચ્છો 

ગાય  → ધણ 

અનાજ  → ઢગલો 

લાકડાં  → ભારો 

## સંભાષણ

♦ વર્ગમાં કીડીબાઈની મુસાફરીનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

## વિશેષ કૃતિ

♦ મુસાફરી દરમિયાન તમને થયેલ કોઈ યાદગાર અનુભવ વિશે પાંચથી છ વાક્ય લખો.

♦ વાક્યોને યોગ્ય ક્રમ આપી સુસંગત પરિચ્છેદ લખો.

(૧) મિત્રો આવ્યા તે પહેલાં બહેને ઘરને સુંદર રીતે શણગારી દીધું.

(૨) મિત્રો આવ્યા પછી મોટી બહેને બધાંને સરસ રમતો રમાડી.

(૩) મિત્રોને જન્મદિવસની ઉજવણીમાં આવવાનું આમંત્રણ આપ્યું.

(૪) મમ્મીએ નાસ્તો કરાવ્યા પછી બધાં ખુશીખુશી પોતાના ઘેર ગયાં.

(૫) જન્મદિવસે વહેલાં ઊઠી માતાપિતાને વંદન કર્યાં.

♦ પુસ્તકાલયમાંથી લાવેલા પુસ્તકના મુખપૃષ્ઠ, પાછળનું પૃષ્ઠ, શીર્ષકનું નિરીક્ષણ કરી તે વિશે ચર્ચા કરો. ♦ તમારા વિસ્તારમાં આવેલા સાર્વજનિક પુસ્તકાલયની મુલાકાત લો.



સમૂહવાચક શબ્દોનો વિશેષ મહાવરો કરાવવો.

# ૬. બેની લડાઈમાં ત્રીજો ફાવે

**વિશેષ વાંચન**

## ♦ ચાલો, ગાઈએ

બે બિલાડીઓ આવતી'તી,
એક રોટલો લાવતી'તી.
નાનો-મોટો કરતી'તી.
રોટલા માટે બાઝતી'તી.





છાપરે વાંદરો બેઠો'તો,
બેઠો બેઠો જોતો'તો.
લાગ આવો શોધતો'તો,
ભાગ પાડી દેવાનું કે'તો'તો.

ત્રાજવે રોટલો તોલતો'તો,
બટકું બટકું ખાતો'તો.
ટુકડો રોટલો વધતો'તો,
મહેનતાણામાં માગતો'તો.





લડાઈનો અંત આવી ગયો,
ત્રીજો તેમાં ફાવી ગયો.

## સંભાષણ

**આ કાવ્ય વાર્તા સ્વરૂપે તમારા વર્ગ સમક્ષ રજૂ કરો.**

સૂર-તાલ અભિનય સહિત કાવ્ય ગવડાવવું. કાવ્યના ચિત્રોના આધારે કાવ્યના આશય સંબંધી ચર્ચા કરવા કહેવું. બાળશબ્દકોશની મદદથી કાવ્યમાં આવેલા અપરિચિત શબ્દોના અર્થ શોધવા કહેવું. કાવ્યમાં આવેલા શબ્દોના બીજા પર્યાયવાચી શબ્દો વિશે ચર્ચા કરવી. ચર્ચા દ્વારા સરળ શબ્દોમાં કાવ્યમાંથી મળતો બોધ સમજાવવો. તમને આ કાવ્યમાં શું ગમ્યું? તે પૂછવું.

# ૭. રાષ્ટ્રધ્વજ

♦ **ચાલો, ગાઈએ**

રાષ્ટ્રધ્વજ છે ગૌરવ આપણું,
કરીએ સલામ-સન્માન;
લહેરાવીએ તિરંગો શાનથી,
ગાવાં રાષ્ટ્રનાં ગાન.

કેસરી રંગ દે બોધ આપણને,
વીરતા-સ્વદેશ અભિમાન;
દેશના વીરોએ દીધાં બલિદાન,
ગવાય એનાં યશોગાન.





સફેદ રંગ દે સંદેશ શાંતિનો,
એકતા અને સમાધાન;
સંપી રહે સૌ હળીમળીને,
હિન્દુ ને મુસલમાન.

લીલો રંગ તો સૂચવે હરિયાળી,
સુખી-સમૃદ્ધ કિસાન;
વન-ઉપવન ને વૃક્ષો સોહાતાં,
ખુશખુશાલ ઇન્સાન.

– દેવજી ત્રિ. થાનકી





સૂર-તાલ અભિનય સહિત કાવ્ય ગવડાવવું. બાળકોને રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાન વિશે માહિતી આપવી.
પુસ્તકાલયમાંથી બીજા દેશભક્તિના કાવ્યો શોધી વર્ગમાં રજૂ કરવા કહેવું.

## ચાલો, કૃતિ કરીએ

### ♦ ચાલો, વાતચીત કરીએ

(૧) આપણા રાષ્ટ્રધ્વજને શું કહેવાય છે?

(૨) આપણા રાષ્ટ્રધ્વજમાં વચ્ચે શું આવેલું છે?

(૩) રાષ્ટ્રધ્વજ ક્યાં ક્યાં ફરકાવવામાં આવે છે?

(૪) તમે બીજા ક્યા ક્યા દેશના રાષ્ટ્રધ્વજ વિશે જાણો છો?

## કૃતિના આધારે

### ♦ કાવ્યની પંક્તિ પૂર્ણ કરો.

(૧) સફેદ રંગ દે સંદેશ ..........

(૨) સંપી રહે સૌ ..........

(૩) લહેરાવીએ તિરંગો ..........

(૪) દેશના વીરોએ ..........

### ♦ યોગ્ય જોડકાં જોડો.

| રંગ | સંદેશ |
|---|---|
| | હરિયાળી |
| | વીરતા |
| | શાંતિ |

### ♦ નીચેના શબ્દો સુધારીને લખો.

(૧) હીન્દૂ .......... (૩) હરીયાળી ..........

(૨) ખૂશખૂશાલ .......... (૪) બલીદાન ..........

## ભાષિક સમજ

### ♦ ત્રિરંગાની જેમ 'ત્રિ'થી શરૂ થતા શબ્દો લખો.

(૧) .......... (૨) .......... (૩) .......... (૪) ..........

સાચી જોડણી તરફ બાળકોનું ધ્યાન દોરવું. જોડણીના તફાવતથી થતા અર્થભેદ તરફ બાળકોનું ધ્યાન દોરવું.

♦ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) ઉપદેશ ______ (૪) દેશ ______ (૭) બગીચો ______

(૨) માણસ ______ (૫) ઝાડ ______ (૮) ખેડૂત ______

(૩) જંગલ ______ (૬) ગીત ______ (૯) અહંકાર ______

♦ શબ્દસાંકળ પૂર્ણ કરો.

(૧) એકતા → ______ → ______ → ______

(૨) બોધ → ______ → ______ → ______

(૩) રંગ → ______ → ______ → ______

(૪) સફેદ → ______ → ______ → ______

♦ જેમ ત્રણ રંગવાળાને ‘ત્રિરંગી’ કહેવાય તો નીચેનાને શું કહેવાય?

(૧) ચાર રંગવાળું ______ (૩) પાંચ રંગવાળું ______

(૨) સાત રંગવાળું ______ (૪) નવ રંગવાળું ______

♦ પ્રાસયુક્ત શબ્દ લખો.

(૧) રંગ ______ (૨) શાન ______ (૩) કિસાન ______ (૪) વન ______

♦ યોગ્ય શબ્દ પસંદ કરીને લખો.

(૧) મુંબઈ મોટું ______ છે. (સહેર, શહેર, શેર)

(૨) ઑફિસમાં ______ બહુ કામ છે. (તેમને, તેમણે, તેણે)

(૩) અમારે ______ જવું છે. (બા’ર, બ્હાર, બહાર)

(૪) મેળો જોવા ઘણા લોકો ______ (ઘયા, ગયા, ઘયા)





‘શબ્દસમૂહ’ માટે એક શબ્દનો વિશેષ મહાવરો કરાવવો. શુદ્ધલેખન પર વધુ ભાર આપવો.

♦ તીરની દિશામાં શબ્દ તૈયાર કરી લખો.

રાષ્ટ્ર → પતિ, ભાષા, ગાન, પ્રેમ, ગીત, પિતા

## સંભાષણ

♦ આપણાં સૈનિકો વિશે તમારા વિચારો વ્યક્ત કરો.

♦ બીજા રાષ્ટ્રીય પ્રતીકો વિશે ચર્ચા કરો.

♦ મૂળજીભાઈ ભક્ત રચિત 'આ અમારો દેશ છે...' કાવ્ય ગાઓ.

## મારી કલમે

♦ આપણાં રાષ્ટ્રધ્વજ વિશે પાંચથી છ વાક્યો લખો.

♦ આપેલા પરિચ્છેદનું ૫-૬ વાક્યમાં સારાંશ લેખન કરો અને તેને યોગ્ય શીર્ષક આપો.

ભારત આપણો દેશ છે. આપણા દેશમાં ઘણાં રાજ્યો છે. આપણું મહારાષ્ટ્ર રાજ્ય તેમાંનું એક છે. જુદા જુદા રાજ્યમાં જુદી જુદી ભાષાઓ બોલાય છે. ગુજરાતમાં ગુજરાતી ભાષા છે. મહારાષ્ટ્રમાં મરાઠી ભાષા બોલાય છે. પંજાબમાં પંજાબી ભાષા બોલાય છે. આમ દરેક રાજ્યમાં જુદી જુદી ભાષા બોલનારા લોકો રહે છે. એક રાજ્યમાં બીજા રાજ્યની ભાષા બોલનારા લોકો રહે છે.

દેશભરમાં જુદા જુદા ધર્મ પાળનારા લોકો રહે છે. કોઈ હિંદુ ધર્મ પાળે છે. કોઈ ઇસ્લામ ધર્મ પાળે છે. દેશમાં શીખ ધર્મ પાળનારા લોકો પણ છે. પારસી, ખ્રિસ્તી, જૈન અને બૌદ્ધ ધર્મના લોકો પણ છે. સૌ પોતપોતાનો ધર્મ પાળે છે. સાથે સાથે બીજાના ધર્મને પણ માન આપે છે.

આપણા ધર્મો ભલે જુદા હોય, આપણા તહેવારો ભલે જુદા હોય, આપણા પહેરવેશ અને ખાનપાન પણ ભલે જુદાં હોય, છતાં આપણે સૌ પહેલાં ભારતવાસી છીએ.

માટે સૌ સાથે ભાઈચારાથી રહીએ. ભાઈચારાથી જ દેશની એકતા જાળવી શકાશે.

## વિશેષ કૃતિ

♦ આપણા દેશના તમે જાણતા હોય તે વીરોનાં નામ લખો.

શબ્દવિસ્તારની કૃતિનો વિશેષ મહાવરો કરાવવો. સારાંશ લેખનનો વિશેષ મહાવરો કરાવવો.

♦ નીચેના સુવાક્યો વાંચો. સારા અક્ષરે લખો, જીવનમાં અપનાવો.

(૧) સૂર્યની જેમ નિયમિત બનીએ.

(૨) સલામતીના નિયમોનું પાલન કરીએ.

(૩) બચત કરીએ તો સંકટ સમયે કામ આવે.

(૪) સમયનો સદ્ઉપયોગ કરીએ.

(૫) માતા-પિતા પરમ ઉપકારી છે.

♦ નીચેની સુભાષિત વાંચો. તે વિશે મિત્ર સાથે ચર્ચા કરો. તેમાં આવેલા અપરિચિત શબ્દનો અર્થ શોધો.

બહુજન મળીને જે કરે, તે એકલથી ના થાય;
સાવરણીથી ઘર વળાય, સળી એકે શું થાય?

♦ નીચેનું નૃત્ય કયું રાજ્ય દર્શાવે છે તે લખો.

કથકલી



ઓડિસી



મણિપુરી



કથક



કુચીપુડી



કોળીનૃત્ય



ભરતનાટ્યમ



દાંડિયા રાસ



# ૮. આળસને ખંખેરતો જા

વિશેષ વાંચન

♦ ચાલો, ગાઈએ



ગાવું છે ભૈ, ગાવું છે,
મારે રાષ્ટ્રગીત ગાવું છે.
જાવું છે ભૈ, જાવું છે,
મારે ચંદ્રલોકમાં જાવું છે.



ભમવું છે ભૈ, ભમવું છે,
મારે દેશ-વિદેશ ભમવું છે.
જમવું છે ભૈ, જમવું છે,
મારે મિત્રો સાથે જમવું છે.



ફરવું છે ભૈ, ફરવું છે,
મારે વનવગડે ફરવું છે.
કરવું છે ભૈ, કરવું છે,
મારે ગમતું કામ કરવું છે.



વાંચવું છે ભૈ, વાંચવું છે,
મારે 'બાળકોનું છાપું' વાંચવું છે.
નાચવું છે ભૈ, નાચવું છે,
મારે પાસ થયા પછી નાચવું છે.



ગમવું છે ભૈ, ગમવું છે,
મારે ઘરમાં સૌને ગમવું છે.
નમવું છે ભૈ, નમવું છે,
મારે મમ્મી-પપ્પાને નમવું છે.

– ધનસુખલાલ પારેખ

સૂર-તાલ અભિનય સહિત કાવ્ય ગવડાવવું. કાવ્યમાં આવેલા પ્રાસયુક્ત શબ્દો, જોડશબ્દો તરફ બાળકોનું ધ્યાન દોરવું. કાવ્યનાં ચિત્રના આધારે આશયનું અનુમાન કરી ચર્ચા કરવા કહેવું. બાળકો માટે પ્રકાશિત થતાં વર્તમાનપત્ર, સામયિકનો પરિચય આપી, વાંચવા પ્રેરિત કરવા. તેમાં છપાયેલા ચિત્ર જોઈને સમાચારના વિષયનું અનુમાન કરવા કહેવું. સમાચારના શીર્ષક વાંચવા કહેવું. કાવ્યમાં આવેલા અપરિચિત શબ્દોના અર્થ બાળ શબ્દકોશની મદદથી શોધવા કહેવું. માતા-પિતા, વડીલો, ગુરુનો વિનય કરવાની પ્રેરણા કરવી.

# ૯. ચિત્રવર્ણન



♦ **ચાલો, વાતચીત કરીએ**

(૧) ઉપરના ચિત્રની શું વિશેષતા છે?

(૨) ચિત્રમાં કયો ઉત્સવ દર્શાવવામાં આવ્યો છે?

(૩) તમે તમારા ઘરમાં તહેવાર દરમિયાન કેવી સજાવટ કરો છો?

(૪) ચિત્રમાં દર્શાવેલી વસ્તુઓમાંથી પૂજનસામગ્રી અને નૈવેદ્ય છૂટા પાડો.

♦ **ચારથી પાંચ વાક્યમાં ઉપરના ચિત્રનું વર્ણન કરો.**

♦ **'મારો પ્રિય તહેવાર' વિશે પાંચથી છ વાક્ય લખો.**

ચિત્રવર્ણનની કૃતિઓનો વિશેષ મહાવરો કરાવવો. ચિત્રવર્ણન કરતી વખતે યોગ્ય શબ્દયોજના તૈયાર કરે, લેખન નિયમાનુસાર વાક્યરચનાનો ક્રમ સમજીને વાક્યરચના તૈયાર કરે, વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરે તે જોવું.

# ૧૦. આભ તૂટ્યું

એક કોઈ જંગલમાં એક સસલી રહે. સસલી ભારે ડરપોક. બીકણ એવી કે પાંદડું ખખડે તોય ડરી જાય. વાદળ ગડગડે કે વીજળી ચમકે ત્યારે તો એવી ચમકે! એવી ચમકે!

એક દિવસ એવું બન્યું કે સખત પવન ફૂંકાવા લાગ્યો. તેના ઝપાટાથી બોરડી પરથી એક બોર ખરી પડ્યું. બોર બરોબર સસલીના માથા પર પડ્યું.

સસલી ચમકી. એને થયું, મારે માથે આખું આભ તૂટી પડ્યું. એણે તો મૂક્યા પગને વહેતા. આસપાસ જોવાય એ શાની ઊભી રહે!

દોડતી જાય ને સસલી બૂમ પાડતી જાય, 'ભાગો, ભાઈ, ભાગો; આભ તૂટી પડ્યું.'

વનમાં જે જે સામા મળ્યાં તે સૌએ આ સાંભળ્યું. વરુએ સાંભળ્યું, વાઘે સાંભળ્યું, ને હાથીએય સાંભળ્યું. સાંભળીને એ પણ માંડ્યાં દોડવા. પાછળ જોયા વિના બસ સહુ દોડ્યે જ જાય, દોડ્યે જ જાય!

આ નાસતા સરઘસને વનનો રાજા સિંહ સામો મળ્યો. બધાંને અટકાવી એણે પૂછ્યું 'અલ્યાં, કેમ આમ હાંફળાંફાંફળાં દોડો છો?'

'આભ તૂટી પડ્યું છે,' હાંફતાં હાંફતાં શિયાળે કહ્યું.

સિંહે પૂછ્યું, 'કોણે જોયું? ક્યાં પડ્યું છે એ?' શિયાળે હાથી સામે જોયું.



હાથી કહે, 'મને તો વરુએ કહ્યું. મેં કાંઈ જોયું નથી.'

વરુ કહે, 'મને તો હરણે કહ્યું. મેં કાંઈ જોયું નથી.'

હરણ કહે, 'મેં તો સસલીને નાસતાં જોઈ એટલે હું યે નાઠું.'

આખરે સસલીને આગળ કરી, બધાં પ્રાણીને લઈ, સિંહ પેલી બોરડી પાસે આવ્યો. સસલી કહે, 'આભ અહીં તૂટી પડ્યું હતું.' અને બધાં જુએ તો ત્યાં એક બોર પડેલું! વરુ ને વાઘ ખિજાઈ ગયા. એ કહે, 'અમને નાહક દોડાવ્યા.' હાથી ને સિંહ મનમાં મલકાતા બોલ્યા, 'શાબાશ, શૂરવીર સસલીબાઈ!' સસલી તો એવી શરમાઈ ગઈ કે ન પૂછો વાત!

– અનંતરાય રાવળ



# ચાલો, કૃતિ કરીએ

## ♦ ચાલો, વાતચીત કરીએ

(૧) એક નાનું બોર માથે પડતાં સસલીએ શું માની લીધું?

(૨) જંગલનાં બીજાં ક્યાં ક્યાં પ્રાણીઓએ સસલીની વાત સાંભળી? તેમણે શું કર્યું?

(૩) વગર વિચારે બીજાની વાત માનવાથી શું થાય?

(૪) ખોટો ડર રાખવાથી તમારે ક્યારેય સસલીની જેમ શરમાવાનો વારો આવ્યો છે?

(૫) જો સિંહ પણ ભાગવા માંડ્યો હોત અને પ્રશ્ન ન પૂછત તો શું થાત?

(૬) સસલીની વાત સાંભળીને તમારા મતે પશુઓએ શું કરવું જોઈતું હતું?

## કૃતિના આધારે

### ♦ કોણ તે લખો.

(૧) બધાં પ્રાણીઓને બોરડી પાસે લાવનાર – ..........

(૨) સસલીની પાછળ ભાગનાર પ્રાણીઓ – ..........

(૩) સસલીને નાસતાં જોઈ દોડનાર – ..........

(૪) સસલી પર ખીજાઈ જનાર – ..........

(૫) વીજળી ચમકે તો ચમકી જનાર – ..........

### ♦ નીચેનાં વાક્યો કોણ બોલે છે તે લખો.

| વાક્ય | કોણ બોલે છે? |
|---|---|
| (૧) કેમ આમ હાંફળાંફાંફળાં દોડો છો? | |
| (૨) મને તો હરણે કહ્યું. | |
| (૩) શાબાશ, શૂરવીર સસલીબાઈ! | |
| (૪) અમને નાહક દોડાવ્યા. | |
| (૫) આભ તૂટી પડ્યું છે. | |

## ભાષિક સમજ

♦ **કૌંસમાંથી સમાન અર્થવાળા શબ્દો શોધીને લખો.** (ડરપોક, માથું, નાહક, શૂરવીર)

(૧) શીશ – ..........  (૩) નકામું – ..........

(૨) બહાદુર – ..........  (૪) બીકણ – ..........

♦ **કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી જોડશબ્દ પૂરા કરો.** (માજાં, પાન, ગમત, ભાજી, )

(૧) રમત – ..........  (૩) શાક – ..........

(૨) તાજાં – ..........  (૪) ઝાડ – ..........

♦ **કૌંસમાંથી ધ્વનિદર્શક શબ્દ શોધી લખો.** (સૂસવાટ, ખખડાટ, ગણગણાટ, ફફડાટ )

દા.ત. વાદળાંનો ગડગડાટ

(૧) પાંખનો – ..........  (૩) વાસણનો – ..........

(૨) પવનનો – ..........  (૪) મચ્છરનો – ..........

♦ **સસલી માટે ''કેવો'', ''કેવી'', ''કેવું'', એમાંથી શું બંધ બેસે છે? – સસલી કેવી?**
**એ જ રીતે નીચેના શબ્દો સામે ''કેવો'', ''કેવી'', ''કેવું'' લખો.**

બાળક – ..........  વાદળ – ..........  નદી – ..........  મીઠાઈ – ..........

પોપટ – ..........  ચકો – ..........  હાથી – ..........  સિંહણ – ..........

**ધ્યાનમાં રાખીએ.**

કાગળ, છોકરો – કેવો? – નર જાતિ

શાળા, છોકરી – કેવી? – નારી જાતિ

તળાવ, છોકરું – કેવું? – નાન્યતર જાતિ

♦ **રેખાંકિત શબ્દને બદલે કૌંસમાં આપેલો શબ્દ વાપરી વાક્ય ફરીથી લખો.**

(૧) <u>હરભજન</u> ગાય લઈ આવ્યો. (નીતા) – ..........

(૨) <u>નદી</u> મોટી હતી. (તળાવ) – ..........

(૩) રાહુલે ઘંટ વગાડ્યો. (ઘંટડી) – ..................

(૪) સીમાએ બિંદી લગાડી. (ચાંદલો) – ..................

♦ યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી વાક્ય ફરીથી લખો.

(૧) હાથી કહે મને તો વરુએ કહ્યું – ..................

(૨) આસપાસ જોવાય એ શાની ઊભી રહે – ..................

(૩) અલ્યા કેમ આમ હાંફળાફાંફળા દોડો છો – ..................

(૪) શાબાશ શૂરવીર સસલીબાઈ – ..................

## વિશેષ કૃતિ

♦ જેમ સસલું બીકણ પ્રાણી છે તેમ તમને ખબર હોય તેવાં બીજાં પ્રાણીઓની વિશેષતા લખો.

♦ જૂથમાં બંધ ન બેસતા શબ્દ પર ◯ કરો.

(૧) કડવો તીખો તૂરો મીઠું (૩) હીંચકો હિંડોળો પારણું ઝૂલો

(૨) ખૂબ જરા બહુ ઘણું (૪) શિયાળ પોપટ કાગડો કોયલ

♦ યોગ્ય જોડકાં જોડો.

આંબો વડ લીમડો આંબલી કેળ બોરડી





કેળાં બોર કાતરા ટેટા કેરી લીંબોળી

## સંભાષણ

♦ પાંચથી છ વાક્યમાં આ વાર્તા તમારા વર્ગમાં રજૂ કરો.

♦ તમારો મિત્ર પણ નાની નાની વાતમાં બહુ ડરે છે. તમે તેને શું કહેશો?



♦ ચાલો હસીએ

છગન : અરે મગન, તું શું કરે છે?

મગન : હું જાંબુનું ઝાડ વાવું છું અને તેની બાજુમાં ગુલાબનો છોડ વાવું છું.

છગન : પણ બંન્ને બાજુ બાજુમાં કેમ વાવે છે?

મગન : કારણ કે મારે ગુલાબજાંબુ ખાવા છે.



## કલાનો કસબ

♦ નીચેના ચિત્રમાં તમને ગમતાં રંગ પૂરો. ત્રણથી ચાર વાક્યોમાં ચિત્રનું વર્ણન કરો.



# ૧૧. પાંચ હજાર કે પંદર હજાર

**વિશેષ વાંચન**




મહારાજ, મારા પિતાએ તે સમયે આમને વીસ હજાર સોનામહોરો પણ આપી હતી.
મહારાજ, એણે કહ્યું હતું કે, ''મારો છોકરો મોટો થાય, ત્યારે આ સોનામહોરોમાંથી તને ગમે તેટલી તેને આપજે અને બાકીની તે કરેલા ખર્ચ પેટે રાખી લેજે.''
મહારાજ, પણ તેઓ મને માત્ર પાંચ હજાર સોનામહોરો આપે છે. આપ જ ન્યાય કરો.
૫ હજાર
૧૫ હજાર
અચ્છા, તો એમ વાત છે. તેનાલીરામન, આ સમસ્યા તમે જ ઉકેલો.
જેવી આજ્ઞા મહારાજ
૫ હજાર
૧૫ હજાર




તમે તેનાલીરામનને સ્થાને હોત તો શું કરત? છોકરાંના પિતાએ પોતાને ગમે એટલી સોનામહોર દીકરાને આપવા શા માટે કહ્યું હશે? જેવા પ્રશ્નો વિશે ચર્ચા કરવી.

# ૧૨. મેઘધનુષ્ય છે ટિફિન ડબ્બો

♦ ચાલો, ગાઈએ

તાકી-તાકી જુઓ બરાબર મેઘધનુષ્ય જમ્બો!
મેઘધનુષ્ય છે વાદળનો ગમતો 'ટિફિન-ડબ્બો'!
જે જુઓ છો તમે જાંબલી, એ છે જાંબુ થોડાં,
જે વાદળ ઉપવાસ કરે છે, જમશે મોડાં-મોડાં.





નીલા રંગના પેંડા પિરસાયા છે કૈં મનગમતા,
જોયા પછી રહી શકે ના, વાદળ તૂટી પડતાં!
જુઓ વાદળી-ધોળા રંગે મૂક્યાં ઢોકળાં પોચાં!
થોડાં-થોડાં જમજો નહીંતર પડશે ભારે લોચા.

લીલાં-લીલાં બધાં પાતરાં કરતાં કેવી લીલા!
પીળા રંગના ચણા લોટમાં તળ્યાં છે ભજિયાં ઢીલાં!
નારંગી રંગ કશું નથી, છે ગાજર-હલવો મીઠો.
રંગે રાતાં ગુલાબજાંબુ જમતાં સૂરજ દીઠો!





ચોમાસામાં વાદળ નીકળે, ટપ-ટપ-ટપ-ટપ ફરવા!
તેથી વાદળની મમ્મી દે 'ટિફિન-ડબ્બો' જમવા.
વાદળ જ્યારે ડબ્બો ખોલે સુગંધ ઊડે ફુસ્સ...
એ ડબ્બાને તમે કહો છો અમથા 'મેઘધનુષ'!



– ધાર્મિક પરમાર

## ચાલો, કૃતિ કરીએ

### ♦ ચાલો, વાતચીત કરીએ

(૧) ચોમાસામાં આકાશમાં શું શું જોવા મળે છે?
(૨) કોઈ વસ્તુ વધુ ખાવાથી શું લોચા થાય?
(૩) આપણે ટિફિનનો ઉપયોગ ક્યારે ક્યારે કરીએ છીએ?
(૪) જુદાં જુદાં આકારનાં વાદળાં તમને કોનાં જેવાં દેખાય છે?
(૫) મેઘધનુષ્યના સાત રંગ હોય છે, બીજી કઈ વસ્તુઓ સાત હોય છે?
(૬) તમને વર્ષાઋતુ ગમે છે? શા માટે?

## કૃતિના આધારે

### ♦ કોણ તે લખો?

(૧) ઉપવાસ કરનાર – ............
(૨) લીલા કરનાર – ............
(૩) ગુલાબજાંબુ જમનાર – ............
(૪) ચોમાસામાં ફરવા નીકળનાર – ............

### ♦ શું તે લખો.

(૧) વાદળને ગમતો ડબ્બો – ............
(૨) પોચાં પોચાં છે – ............
(૩) જેને વધુ ખાવાથી લોચા થાય – ............
(૪) વાદળાએ કર્યો છે – ............
(૫) વાદળા જેના પર તૂટી પડે છે – ............

### ♦ આકૃતિબંધ પૂર્ણ કરો.

કાવ્યમાં આવેલા ફરસાણ – [ ] – [ ] – [ ]

કાવ્યમાં આવેલી મીઠાઈ – ( ) – ( ) – ( )

♦ રંગ અને વાનગીના યોગ્ય જોડકા જોડો.



ગાજરનો હલવો

પાતરાં

ઢોકળાં

ગુલાબજાંબુ

## ભાષિક સમજ

♦ કાવ્યમાં નીચેના શબ્દો માટે વપરાયેલા શબ્દો શોધીને લખો.

સફેદ – .......... લાલ – .......... માતા – .......... સુવાસ – ..........

♦ કોષ્ટકમાંથી નીચેના શબ્દોના વિરોધી શબ્દો શોધીને લખો.

(૧) વહેલા X ..........

(૨) ઘણાં X ..........

| | | | |
|---|---|---|---|
| મી | મો | થો | મી |
| કા | ઠો | ડા | ડાં |
| રા | પો | ચાં | લા |

(૩) કડક X ..........

(૪) કડવો X ..........

♦ કાવ્યમાં આવેલા અંગ્રેજી શબ્દો શોધીને લખો. ..........

♦ કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દોની જોડી શોધીને લખો.



♦ સાંભળો અને લખો.

(૧) .......... (૨) .......... (૩) .......... (૪) ..........

(૫) .......... (૬) .......... (૭) .......... (૮) ..........

♦ બાળમિત્રો,નીચેનું વાક્ય ધ્યાનથી વાંચો.

લીલાં-લીલાં બધાં પાતરાં કરતાં કેવી લીલા!
અહીં લીલા શબ્દના બે અર્થ થાય છે.
એક અર્થ છે લીલા રંગની વસ્તુ, બીજો અર્થ છે ખેલ.
એ જ રીતે નીચેનાં વાક્યોનો અભ્યાસ કરો.

| | | |
|---|---|---|
| અઠવાડિયાના સાત વાર હોય છે. | - | દિવસ |
| તને તૈયાર થતા કેટલી વાર લાગશે? | - | સમય |
| આ પાઠ પાંચ વાર વાંચો. | - | વખત |
| તને આવતા બહુ વાર થઈ. | - | મોડું થવું |

♦ બાળમિત્રો, જે રીતે તમારું એક નામ છે. એ જ રીતે દરેક સજીવ, નિર્જીવ, ઝાડ, પશુ, પક્ષી, રાચરચીલું બધાંને જ નામ હોય છે.

♦ નીચેનાં વાક્યોમાં નામની નીચે લીટી દોરો.

(૧) ગંગા પવિત્ર નદી છે.
(૨) રાજુને દૂધ ભાવે છે.
(૩) મારું નામ ભાવેશ છે.
(૪) દક્ષેશ વાંચે છે.
(૫) બળદ ઘાસ ખાય છે.
(૬) ભારત મારો દેશ છે.
(૭) હિમાલય ખૂબ ઊંચો છે.
(૮) કબૂતર શાંતિદૂત કહેવાય છે.
(૯) મોર આપણું રાષ્ટ્રીય પક્ષી છે.
(૧૦) મયંક મેદાનમાં રમે છે.

## વિશેષ કૃતિ

♦ નીચેના રંગની કઈ વાનગીઓ તમને બહુ ભાવે છે?

| | | | | | |
|---|---|---|---|---|---|
| લાલ | ............ | જાંબલી | ............ | નીલો | ............ |
| લીલો | ............ | નારંગી | ............ | પીળો | ............ |

## સંભાષણ



♦ નીચે આપેલા શબ્દોના આધારે વર્ષાઋતુનું વર્ણન કરો.

કાળાં વાદળાં - મેઘધનુષ - વરસાદ - હોડી - છત્રી - રેઇનકોટ - ગમબૂટ - કુદરતી સૌંદર્ય





બાળકોને 'શબ્દ એક, અર્થ અનેક' સંકલ્પના વિવિધ ઉદાહરણો દ્વારા સ્પષ્ટ કરવી. 'નામ, પ્રાણી, વસ્તુ, સ્થળ, ...' રમત રમાડવી.

♦ નીચે આપેલ ચિત્રના આધારે કાવ્ય તૈયાર કરો. તમે ઈચ્છો તો કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી શકો છો. (લાવતા, ભાવતા, ખવડાવતા, ફાવતા)



♦ નીચેના ચિત્રના આધારે માહિતી આપો.



(૧) આ શેનું ચિત્ર છે?

(૨) પુસ્તકાલયમાં ક્યાં ક્યાં પુસ્તકો હોય છે?

(૩) પુસ્તકાલયમાં શું સૂચના લખેલી હોય છે?

બાળકોને તમારા પરિસરમાં આવેલા સાર્વજનિક પુસ્તકાલયની મુલાકાતે લઈ જવાં. શાળાના પુસ્તકાલયમાં રહેલા બાળગીતો, વાર્તા જેવા જુદાજુદા પુસ્તકોના વિભાગ દર્શાવવા.

# ૧૩. આનંદી કાગડો

એક કાગડો હતો. તે એક વાર રાજાના વાંકમાં આવ્યો એટલે રાજાએ તેના માણસોને કહ્યું, 'જાઓ, આ કાગડાને ગામના કૂવાને કાંઠે ગારો છે તેમાં નાખી આવો.'

કાગડાને રાજાજીના હુકમ પ્રમાણે ગારામાં નાખવામાં આવ્યો. કાગડાભાઈ તો ગારામાં પણ આનંદથી બોલવા લાગ્યા :

**'ગારામાં લપસણું કરતાં શીખીએ છીએ,**
**ભાઈ! ગારામાં લપસણું કરતાં શીખીએ છીએ!'**

રાજા અને તેના માણસો તો નવાઈ પામ્યા કે કાગડો અહીં દુ:ખી થવાને બદલે આનંદથી કેમ બોલે છે?

રાજાને ક્રોધ ચડ્યો અને બીજો હુકમ કર્યો : 'નાખો એને કૂવામાં એટલે ડૂબી જાય.'

કાગડાને કૂવામાં નાખ્યો. કાગડાભાઈ તો કૂવામાં પડ્યા પડ્યા બોલ્યા :

**'કૂવામાં તરતાં શીખીએ છીએ,**
**ભાઈ! કૂવામાં તરતાં શીખીએ છીએ!'**

રાજા કહે : 'હવે તો આ કાગડાને આથી વધારે સખત શિક્ષા કરવી જોઈએ.'

પછી તો કાગડાને કાંટાના એક મોટા એવા જાળામાં નંખાવ્યો. પણ કાગડાભાઈ તો એના એ જ રહ્યા. વળી પાછા આનંદી સૂરે ગાતાં ગાતાં બોલ્યા :

**'કૂણા કાન વીંધાવીએ છીએ,**
**ભાઈ! કૂણા કાન વીંધાવીએ છીએ!'**

રાજા કહે : 'કાગડો તો ભારે જબરો!



ગમે તે દુ:ખમાં એને દુ:ખ તો થતું જ નથી. ચાલો જોઈએ, હવે સુખ થાય એવે ઠેકાણે નાખવાથી એને દુ:ખ થાય છે?'

પછી કાગડાભાઈને એક તેલની કોઠીમાં નાખ્યા. કાગડાભાઈને તો એ પણ સવળું જ પડ્યું. ખુશ થઈને એ બોલ્યા : **'તેલ કાને મૂકીએ છીએ,**

**ભાઈ! તેલ કાને મૂકી છીએ!'**



પછી તો રાજાએ કાગડાને ઘીના કુડલામાં નાખ્યો. એમાં પડ્યો પડ્યો પણ કાગડો તો બોલ્યો :

**'ઘીના લબકા ભરીએ છીએ,**

**ભાઈ! ઘીના લબકા ભરીએ છીએ!'**

રાજા તો ખૂબ ખિજાયો ને કાગડાને ગોળની કોઠીમાં નંખાવ્યો. કાગડાભાઈ તો પાછા મજાથી બોલ્યા :

**'ગોળનાં દડબાં ખાઈએ છીએ,**

**ભાઈ! ગોળનાં દડબાં ખાઈએ છીએ!'**

પછી રાજાએ કાગડાને ખોરડાની ઉપર ફેંક્યો, પણ ત્યાં બેઠો બેઠો કાગડો કહે :

**'નળિયાં ચાળતાં શીખીએ છીએ,**

**ભાઈ! નળિયાં ચાળતાં શીખીએ છીએ!'**

છેવટે થાકીને રાજા કહે : 'આ કાગડાને આપણે શિક્ષા કરી શકીશું નહિ. એને મનથી કોઈ દુ:ખ લાગતું નથી. એ કોઈપણ સ્થિતિમાં ખુશ રહેતા શીખ્યો છે માટે એને હવે ઉડાડી મૂકો.' અને પછી કાગડાને ઉડાડી મૂક્યો.

– ગિજુભાઈ બધેકા

## ચાલો, કૃતિ કરીએ

♦ **ચાલો, વાતચીત કરીએ** 

(૧) શિક્ષા ક્યારે કરવામાં આવે છે?

(૨) શિક્ષા શા માટે કરવામાં આવે છે?

(૩) તમને કોઈએ શિક્ષા કરી છે?

(૪) મુશ્કેલીમાં શું કરવું જોઇએ?

### કૃતિના આધારે 

♦ **ખાલી જગ્યા પૂરો.**

(૧) કાગડો એકવાર ................ વાંકમાં આવ્યો.

(૨) કાગડાને ................ જાળામાં નંખાવ્યો.

(૪) નાખો એને ................ એટલે ડૂબી જાય.

(૫) ................ કાન વીંધાવીએ છીએ.

♦ **કાગડાને મળેલી શિક્ષાને યોગ્ય ક્રમ આપો.**

(૧) ઘીના કુડલામાં નાખ્યો. ☐

(૨) ગારામાં નાખ્યો. ☐

(૩) ખોરડાની ઉપર ફેંક્યો. ☐

(૪) કૂવામાં નાખ્યો. ☐

(૫) તેલની કોઠીમાં નાખ્યો. ☐

(૬) કાંટાના જાળામાં નાખ્યો. ☐

(૭) ગોળની કોઠીમાં નાખ્યો. ☐

♦ **કાગડો ક્યાં શું બોલ્યો? તેની યોગ્ય જોડી જોડો.**

| | |
|---|---|
| (૧) ગારામાં | નળિયાં ચાળતાં શીખીએ છીએ. |
| (૨) કાંટાના જાળામાં | તરતાં શીખીએ છીએ. |
| (૩) ખોરડા ઉપર | કૂણા કાન વીંધાવીએ છીએ. |
| (૪) કૂવામાં | લપસણું કરતાં શીખીએ છીએ. |

♦ લખો.

(૧) સામાન્ય રીતે શિક્ષા કરવામાં આવે ત્યારે લોકો શું કરે?

(૨) કાગડાનો આનંદી સ્વભાવ તેને કઈ રીતે ઉપયોગી થયો?

(૩) આ પાઠમાં તમને શું ગમ્યું?

(૪) તમારા મતે રાજા શા માટે અકળાયો?

## ભાષિક સમજ



♦ નીચેના શબ્દો માટે પાઠમાં ક્યા શબ્દો વપરાયા છે?

કર્ણ – .................... કાદવ – .................... ગુસ્સો – .................... આશ્ચર્ય – ....................

ગુનો – .................... આજ્ઞા – .................... સજા – .................... ઓરડો – ....................

♦ કોષ્ટકમાંથી વિરોધી શબ્દ શોધીને લખો.

(૧) સુખ X ....................

(૨) સવળું X ....................

| | | | |
|---|---|---|---|
| ના | અ | દુઃ | ન |
| ખુ | વ | ગ | ખ |
| શ | ળું | મો | ટા |

(૩) ખુશ X ....................

(૪) નાના X ....................

♦ નીચેનો ફકરો વાંચો. તેમાં રેખાંકિત કરેલા શબ્દોને બદલે બાજુના ફકરામાં વપરાયેલા શબ્દો તપાસો.

હેમલ ખૂબ હોશિયાર છોકરો છે. હેમલને ભણવું ખૂબ ગમે છે. હેમલ ઘરકામમાં મમ્મીને મદદ કરે છે. હેમલના મમ્મી-પપ્પા હેમલને ખૂબ પ્રેમ કરે છે.

હેમલ ખૂબ હોશિયાર છોકરો છે. તેને ભણવું ખૂબ ગમે છે. તે ઘરકામમાં મમ્મીને મદદ કરે છે. તેના મમ્મી-પપ્પા તેને ખૂબ પ્રેમ કરે છે.

**નામને બદલે વપરાતા શબ્દને સર્વનામ કહેવાય છે.**

♦ નીચેના વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકો.

(૧) ઉમેશ પ્રસાદ અને વિશાલ શાળાએ જાય છે

(૨) આજે રવિવાર છે

(૩) તમે મારા માટે શું લાવ્યા

(૪) અરે વાહ બહુ સરસ

## વિશેષ કૃતિ

♦ **અયોગ્ય ઘટક ઓળખો.**

(૧) ફરમાન, હુકમ, વિનંતી, આજ્ઞા

(૨) ઇનામ, સજા, શિક્ષા, દંડ

(૩) આનંદ, દુઃખ, હર્ષ, મજા

(૪) કાદવ, ગારો, પાણી, કીચડ

♦ **નીચેના કોષ્ટકમાંથી યોગ્ય શબ્દ લઈ અર્થપૂર્ણ વાક્ય તૈયાર કરો.**

| | | |
|---|---|---|
| સવિતા | ઘાસ | ગાતો હતો |
| ઉષા | ચીક્કી | ખાતો હતો |
| વાછરડું | ખો-ખો | ખાતી હતી |
| સુરેશ | ગીત | રમતાં હતા |
| કવિતા | શીંગચણા | ખાતું હતું |
| છોકરાઓ | ચિત્ર | દોરતી હતી |

♦ **વર્તમાનપત્રમાં છપાયેલ નીચેનું ચિત્ર જોઈ તેના વિષયનું અનુમાન કરો. આપેલા ચિત્રના આધારે પાંચથી છ વાક્યો લખો.**



## સંભાષણ

♦ **તમારા શબ્દોમાં આનંદી કાગડાનું વર્ણન કરો.**

વિપરીત સમયમાં સકારાત્મક વિચારસરણી રાખવાના લાભ સમજાવવા. નિરાશ કે દુઃખી થવાથી પરિસ્થિતિ સુધરવાની નથી. એટલે દરેક સંજોગોમાં સમાધાન વૃત્તિ રાખવાથી સમસ્યા ઉકેલવી સરળ બને છે, તે વાત ઉદાહરણ દ્વારા સમજાવવી. બાળકોને તેમના જીવનમાં ઘટેલી એવી કોઈ ઘટના, અનુભવનું વર્ણન કરવા પ્રેરિત કરવા.

# ૧૪. ચાલો, રમીએ

વિશેષ વાંચન



રાત પડી. સૌએ વાળુ કરી લીધું. ચાંદની ખીલવા લાગી. ત્યાં અવાજ આવ્યો.

"કાચનો કૂપો, તેલની ધાર,
મારા ભેરુને આવતાં કેટલી વાર?"

થોડી વારમાં તો શેરીના સૌ બાળકો ભેગાં થઈ ગયાં.

દાદીમા : ચાલો, બાળકો! આજે આપણે નવી રમત રમીએ.

એક છોકરો : કઈ રમત રમાડશો, મા?

દાદીમા : ચણ ચણ બગલી રમાડું?

બધાં છોકરાં : હા, હા; એ રમાડો.

દાદીમા : કાગડો કોણ થશે? શરદ, તું થઈશ?

શરદ : ના, ના, હું કાગડો નહિ થાઉં.

દાદીમા : ઊભાં રહો, ઊભાં રહો. એમ નહિ. તમે બધાં મારી હથેળીમાં આંગળી મૂકો. જેની આંગળી પકડાઈ જાય તેના ઉપર દાવ આવે, તે કાગડો બને. છે કબૂલ?

બધાં છોકરાં : હા, હા, કબૂલ, કબૂલ.

દાદીમા : તો રાખો આંગળી. બધાં બોલજો : ચકીને ચણ નાખી જી?



**બધાં છોકરાં** : હા... જી.

દાદીમા : ચકીને પાણી પાયાં જી?

**બધાં છોકરાં** : હા...જી.

દાદીમા : ચકલી ઊડે ફર્‌ર્‌ર્‌... ચપ. *(હથેળી દાબી દે છે.)* લો, આ વસંત પકડાયો. વસંત, તું કાગડો થા. જરા દૂર અવળો ફરીને ઊભો રહે. અમે બધાં ગોળ બેસી જઈએ. પછી અમે આ કાંકરી છુપાવી દઈશું. તારે એ શોધી કાઢવાની.
*(બધાં ગોળાકારમાં બેસી ગયાં. ઢીંચણ ઉપર હાથ રાખ્યા.)*

દાદીમા :

**ચણ ચણ બગલી ચણાની દાળ,**
**હું પપૈયો, તું મગદાળ.**
**આવ, રે કાગડા! કઢી પીવા.**

એમ કહી દાદીમાએ રતનના ખોબામાં કાંકરી સંતાડી દીધી. વસંત કાગડો કઢી પીવા આવ્યો. બધાં સામે ટગર ટગર જોવા લાગ્યો. કોનામાં કાંકરી હશે? એટલે બધાં છોકરાં વારાફરતી બોલતાં જાય :

**સોનાની કાંકરી ખૂંચે છે,**
**મારામાં કાંકરી ખૂંચે છે,**
**રૂપાની કાંકરી ખૂંચે છે,**
**મારામાં કાંકરી ખૂંચે છે.**

એમ કરતાં વસંતે રતનને પકડી પાડી. હવે આવ્યો રતનનો દાવ. પછી આવ્યો કનકનો દાવ. એમ બધાંના વારા આવી ગયા. આ રમત રમવાની બધાંને ખૂબ મઝા આવી.



રમતથી થતાં સર્વાંગી લાભ વિશે માહિતી આપવી. આપણી પારંપરિક રમતોનો પરિચય કરાવવો. તમારા સહાધ્યાયી સાથે ગદ્યમાં આવેલા શબ્દોના પર્યાયી શબ્દ પૂછવાની રમત રમો.

# ૧૫. ચિત્રવર્ણન

♦ વર્તમાનપત્રમાં છપાયેલ નીચેનું ચિત્ર જોઈ તેના વિષયનું અનુમાન કરો.

♦ મિત્રો સાથે ચિત્ર સંબંધી સંવાદ સાધો



♦ ચાલો, વાતચીત કરીએ.

(૧) ઝાડ કાપવા યોગ્ય છે કે અયોગ્ય?

(૨) ચિત્રના ઉપરના અને નીચેના ભાગમાં શું ફેર છે?

(૩) ઝાડ કાપવાથી પ્રાણીઓને શું મુશ્કેલી થાય?

(૪) 'જંગલ બચાવો' વિષય પર ઘોષવાક્યો લખો.

જંગલના લાભ અને જંગલ કાપવાથી થતા નુકસાન સમજાવી બાળકોને વૃક્ષારોપણ - વૃક્ષ સંવર્ધન કરવા પ્રેરિત કરવા.

# ૧૬. એક એક બીજ

◆ ચાલો, ગાઈએ

એક એક બીજ અમે વાવ્યું રે લોલ;
એને પાણીડાં પાયાં રે લોલ.

ફણગા એને ફૂટ્યા રે લોલ;
પાંદડાં એને આવ્યાં રે લોલ.

કળીઓ એને બેઠી રે લોલ;
મરવા એને આવ્યા રે લોલ.

હું ને બચુ ચાલ્યા રે લોલ;
પાકાં પાકાં ફળ તોડ્યાં રે લોલ.

કાચાં કાચાં ફળ છોડ્યાં રે લોલ;
કેવાં કેવાં ફળ મીઠાં રે લોલ.

હું ને બચુ બેઠા રે લોલ;
ખૂબ ખૂબ ફળ અમે ખાધાં રે લોલ;
તો ય વધ્યાં એટલાં બધાં રે લોલ.

એક બીનાં ફળ કેટલાં રે લોલ;
ખાઈએ તો ય ન ખૂટે એટલાં રે લોલ.

– સોમાભાઈ ભાવસાર



## ચાલો, કૃતિ કરીએ

### ♦ ચાલો, વાતચીત કરીએ



(૧) આપણે આપણો ખોરાક કોની પાસેથી મેળવીએ છીએ?

(૨) ઝાડ પોતાનો ખોરાક કોની પાસેથી મેળવે છે?

(૩) જો ઝાડ ન હોય તો શું થાય?

(૪) સવારથી સાંજ સુધીમાં આપણે ઝાડ પાસેથી મળતી કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ?

## કૃતિના આધારે



### ♦ એક શબ્દમાં જવાબ આપો.

(૧) કેટલાં બીજ વાવ્યાં? ..............

(૨) કેવાં ફળ તોડ્યાં? ..............

(૩) કેવાં ફળ છોડ્યાં? ..............

(૪) કાવ્યમાં લોલ શબ્દ કેટલી વાર આવ્યો? ..............

### ♦ શું તે લખો.

(૧) પાયાં – ..............

(૨) ફૂટ્યા – ..............

(૩) ખાધાં – ..............

(૪) વાવ્યું – ..............

### ♦ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.

(૧) ખાઈએ તો ય ..............

(૨) .............. ચાલ્યા રે લોલ.

(૩) .............. ખાધાં રે લોલ.

(૪) એક બીનાં ..............

♦ 'બી'માંથી ફળ થવા સુધીની સફરને યોગ્ય ક્રમમાં લખો.

મરવા આવ્યા – પાણી પાયું – પાંદડાં આવ્યાં. – બી વાવ્યું – ફણગા ફૂટ્યા
કાચાં ફળ પાકાં થયાં – કળીઓ બેઠી.

## ભાષિક સમજ



♦ નીચેના શબ્દોના અર્થ શબ્દકોશમાંથી શોધીને લખો.

(૧) ફણગા – ............ (૩) મરવા – ............

(૨) ખૂટે – ............ (૪) કળી – ............

♦ 'એક એક' બીજ અહીં એક શબ્દ બે વાર વપરાયો છે. કાવ્યમાંથી આવા બીજા જોડશબ્દ (દ્વિરુક્ત શબ્દ) શોધીને લખો.

(૧) ............ (૨) ............ (૩) ............ (૪) ............

♦ પ્રાસયુક્ત શબ્દ લખો.

(૧) આવ્યું – ............ (૪) દીઠાં – ............

(૨) સળી – ............ (૫) તોડ્યાં – ............

(૩) હળ – ............ (૬) તૂટ્યા – ............

♦ કોષ્ટક પૂર્ણ કરો.

| એક | અનેક | એક | અનેક |
|---|---|---|---|
| ફણગો | | કળી | |
| | પાંદડાં | ફળ | |
| પપૈયું | | | કેળાં |

## વિશેષ કૃતિ

- તમારા મતે 'એક બીનાં ફળ કેટલાં રે લોલ' પંક્તિ દ્વારા કવિ શું કહેવા માંગે છે?
- જાંબુના ઠળિયા વાવવાના પગલાંને યોગ્ય ક્રમ આપો.

(૧) ખાડામાં ખાતર નાખ્યું – ☐ (૩) માટી ઉપર પાણી નાખ્યું – ☐

(૨) ખાડો ખોદ્યો – ☐ (૪) ઠળિયો નાખી ઉપર માટી નાખી. – ☐

- નીચેના ફળનું યોગ્ય વર્ગીકરણ કરો.

બોર,પપૈયું, પીચ, ચીકુ, ચીભડું, ખજૂર, આંબળા, દાડમ, ચેરી, સંતરા, લીચી, મોસંબી

| એક બી વાળા ફળ | અનેક બી વાળા ફળ |
|---|---|
| | |

- અયોગ્ય ઘટક ઓળખો.

(૧) પપૈયું, સીતાફળ, દાડમ, કેરી (૩) આમલી, કેળાં, લીંબુ, કાચી કેરી,

(૨) ગલગોટો, ગુલાબ, ફૂલાવર, કમળ (૪) ચીભડાં, લીચી, ખજૂર, ચેરી

- નીચેના ફળના 'બી'ને શું કહેવાય તે લખો.

કેરી – ........ આમલી – ........ જાંબુ – ........ પપૈયું – ........

- ચાલો, રમીએ.

**ચોરસમાંથી ફળના નામ શોધીને લખો. એક મિનિટમાં જે વધુ નામ લખશે તે વિજેતા બનશે.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સ | કા | બો | ર | પ | પૈ | યું |
| લ | ફ | જાં | બુ | ચે | રી | ચું |
| ખ | જૂ | ર | વ | ત | સ | રા |
| દા | ડ | મ | જ | ન | ફ | ત |
| મો | સં | બી | ના | ન | ળ | સં |
| લી | કુ | અ | સી | ફ | દ્રા | કે |
| ચી | ચ | મ | તા | ળા | ક્ષ | રી |
| પી | ન | સી | કે | ફ | ણ | સ |

♦ છોડના ભાગના નામ લખો.



♦ નીચેનામાંથી વૃક્ષ વાવવા માટે કઈ કઈ વસ્તુઓ જોઈએ? તેના પર (✓) કરો.



♦ જુદા જુદા 'બી' ચોંટાડી તમને ગમતી કૃતિ તૈયાર કરો.

♦ મને ઓળખો

ઘંટ જેવું ફૂલ જે,
ગણપતિને વહાલું;
ઝુમરના આકારનું,
વળી લાલ રંગવાળું.



છાલ ઉતારી ખાવા મળે,
મને ખાવામાં મજા પડે;
છાલ ઉપર જો પગ પડે,
નાના મોટાં લપસી પડે.



કાળી કાળી કંકુબાઈ,
આંબા ડાળે ડોલે;
ઉનાળામાં કેરી ખાતી,
મીઠા ટહુકા બોલે.



કાળી કાળી કાબરી,
નગર જોતી જાય;
લાખો રૂપિયા આપતાં,
તેનું મૂલ ન થાય.



## મારી કલમે

♦ તમારી શાળામાં 'વૃક્ષારોપણ' કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. એ અવસરે તમારે એક નાનકડું વક્તવ્ય આપવાનું છે. નીચેના મુદ્દાઓના આધારે 'વૃક્ષ – પર્યાવરણનું પરમ મિત્ર' વિષય પર વક્તવ્ય તૈયાર કરો.

વૃક્ષના દરેક ભાગ ઉપયોગી – ફળ, ફૂલ, લાકડું, દવા, વગેરે આપે – પક્ષીને માળા – પ્રાણીને છાયા – વરસાદ ખેંચી લાવે.



વનસ્પતિ આપણી પરમ ઉપકારી છે. સવારથી રાત સુધી આપણે સતત વનસ્પતિ, વનસ્પતિમાંથી તૈયાર થતી વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ. સાથેજ પ્રકૃતિના તમામ ઘટકો આપણાં પરમ ઉપકારી છે તે સમજાવી, પ્રકૃતિનું જતન કરવા પ્રેરણા કરવી.

# ૧૭. પારિવારિક ગપસપ

વિશેષ વાંચન













હા...
શાળામાં, ઘરમાં, દરેક સ્થળે સ્વચ્છતા જાળવવી.
'સ્વચ્છ ભારત, નીરોગી ભારત'
સ્વચ્છતા અભિયાન
સાચી વાત છે.
બધા મિત્રો સાથે પ્રેમથી રહેવું જોઈએ.
એકબીજાને મદદ કરવી જોઈએ.
હા.... બેટા... આપણે હંમેશા બીજાને બનતી મદદ કરવી જોઈએ.
અને મમ્મી....
આજે અમને શિક્ષકે યોગ્ય-અયોગ્ય સ્પર્શ વિશે વાત કરી.


અચ્છા... શું કહ્યું શિક્ષકે?
આપણા હોઠ, છાતી, બે પગની વચ્ચે અને નિતંબ એ આપણા અંગત અવયવ છે.
આપણા મમ્મી,પપ્પા સિવાય કોઈ ત્યાં અડી શકે નહીં.
બરાબર
કોઈ બીજાના ખોળામાં બેસવું જોઈએ નહીં.
આપણને આપણા ઘરના સિવાય કોઈ વ્યક્તિ ચુંબન કરી શકે નહીં.
હા બેટા, ડૉક્ટર પણ તમારા વાલીની હાજરીમાં જ તમને તપાસી શકે.






રાત્રે સૂતા પહેલાં પરિવારના સૌ સભ્યોએ એકબીજા સાથે પારિવારિક સમય વીતાવવો જોઈએ, બાળકોને આખા દિવસમાં બનેલી તમામ ઘટનાઓ નિ:સંકોચ પરિવારને કહેવાં પ્રેરિત કરવા.

# ૧૮. મારું નામ હવા

હું કેવી અજબ છું! આંખ છતાં તમે મને જોઈ શકતા નથી. પણ હું તમારી પાસે જ ફર્યા કરું છું. પશુ, પંખી, ઝાડપાન મારાથી જીવે છે. અરે, મનુષ્યોને પણ હું જ જીવતા રાખું છું. જ્યારે હું ગતિમાં હોઉં છું ત્યારે હું પવન કહેવાઉં છું.

હમણાં પેલી બારી ભટકાઈને? એ કાંઈ કોઈ છોકરાએ નથી ભટકાવી. મેં જ અંદર આવવા માટે બારીને ધક્કો માર્યો. અને તે દિવસે નિશાળના કાચ ફૂટ્યાને? તમે આંકડી નહોતી ભરાવી એટલે વાંક તમારો. હું તો દોડતી જતી હતી એટલે બારણું અફળાયું. કાચના ઊડ્યા ભૂકેભૂકા.





મને એક જગ્યાએ બંધાઈને બેસવું જરાય ગમતું નથી. મારો સ્વભાવ જ રખડ્યા કરવાનો છે. હા! કોઈ હોશિયાર લોકો મને પકડીને પૂરી દે છે ખરા. પેલો નટુ છે ને, એ મને એની સાઇકલનાં પૈડાંમાં પૂરે છે. મને ત્યાં જરાય નથી ફાવતું પણ શું કરું? એમાં કાણું પડે એટલે તરત જ ફૂસ... કરતી હું બહાર નીકળી જાઉં છું.

પેલી મોટર જોઈ? એના જાડા ટાયરમાંય હું જ છું. અને એનું ભૂંગળું પોં પોં શાથી કરે છે, ખબર છે? એમાંય હું જ બેઠી છું.

મને અટકચાળા કરવાની બહુ ટેવ છે. પાનખર ઋતુ આવે એટલે ઝાડનાં પાંદડાં પાડવાની મને ખૂબ મજા પડે છે. ક્યારેક સુસવાટા કરતી આવીને હું નાસી જાઉં છું. બાગમાં પેસીને હું ફૂલની વેલોને હીંચોળું છું.



ફૂલની સુગંધ લઈને બધે આપી આવું છું.

ચોમાસું આવે ત્યારે તોફાન કરવાની મને ખૂબ લહેર આવે છે. વાદળીઓને પકડીને હું એમને ડુંગર ઉપર લઈ જાઉં છું. કયારેક એમને આમતેમ અથડાવું છું ને ક્યારેક એમની પાસે ગડગડાટ પણ કરાવું છું. નાનાં બાળકો સાથે ગેલ કરવાનું મને બહુ ગમે. ક્યારેક કોઈની ટોપી ઉડાડી દઉં, તો ક્યારેક એની છત્રીનો કાગડો કરીને હું હસું. તમારાં ભીનાં કપડાં પણ હું જ સૂકવી આપું. વળી આ બાબાના ફુગ્ગામાં ભરાઈને હું જ એને ફુલાવું છું.

ઉનાળાનો દિવસ હોય અને ગરમીથી તમે અકળાઈ ગયા હો, ત્યારે તમારા હાથમાંના પંખાથી હું તમને કેવી ઠંડક આપું છું!

અને હું ક્યાં નથી? વાડીમાંની પવનચક્કીને ફેરવનાર અને પેલી મિલના ભૂંગળામાંથી નીકળતા ધુમાડાને દૂર લઈ જનાર પણ હું જ છું. દરિયામાં તરતાં વહાણના સઢમાં ભરાઈને એને ધક્કો પણ મારે જ મારવો પડે છે.

પણ ક્યારેક હું તોફાને ચઢું તો? તો મારા ગાંડપણનો પાર નહિ. દરિયાનાં પાણીનાં મોજાં પાસે એવા કૂદકા મરાવું કે જબરદસ્ત સ્ટીમર પણ ઊથલીને ડૂબી જાય. ''બોલો, હું હવે તમને ક્યારેક મળું તો તમે મને ઓળખી કાઢશોને?''

– નગીનદાસ પારેખ

## ચાલો, કૃતિ કરીએ

### ♦ ચાલો, વાતચીત કરીએ

(૧) ઋતુઓ કેટલી છે? કઈ કઈ?
(૨) ઉનાળામાં હવા મેળવવા માટે તમે ક્યા ક્યા સાધનોનો ઉપયોગ કરો છો?
(૩) હવા કઈ ઋતુમાં અકળાવે અને કઈ ઋતુમાં ધ્રુજાવે છે?
(૪) તમારી આસપાસ કોને કોને હવાની જરૂર પડે છે?

## કૃતિના આધારે

### ♦ ટૂંકમાં જવાબ લખો.

(૧) હવાનો સ્વભાવ કેવો છે? – ..........
(૨) હવાને શેની ટેવ છે? – ..........
(૩) નટુ હવાને શેમાં પૂરે છે? – ..........
(૪) મિલના ભૂંગળામાંથી શું નીકળે છે? – ..........
(૫) વહાણના સઢમાં ભરાઈને હવા શું મારે છે? – ..........
(૬) બારી કોણે નહોતી ભટકાવી? – ..........

### ♦ યોગ્ય જોડકાં જોડો.

| | |
|---|---|
| (૧) ભીના કપડાંને | (અ) હીંચોળે છે. |
| (૨) ફૂલોની વેલને | (બ) બધે આપી આવે છે. |
| (૩) ફૂલની સુગંધને | (ક) ઠંડક આપે છે. |
| (૪) ગરમીથી અકળાયેલા લોકોને | (ડ) સૂકવી આપે છે. |

### ♦ જવાબ લખો.

(૧) હવા નાનાં બાળકો સાથે કઈ રીતે ગેલ કરે છે?
(૨) હવા વાદળીઓ સાથે કઈ રીતે લહેર કરે છે?
(૩) હવા મોટરના ક્યા ક્યા ભાગમાં હોય છે?
(૪) નિશાળના કાચ ફૂટવાનું કારણ શું?

## ભાષિક સમજ



♦ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધીને લખો.

(૧) પ્રાણી – ............ (૩) વૃક્ષ – ............ (૫) માણસ – ............

(૨) શાળા – ............ (૪) પક્ષી – ............ (૬) દરવાજો – ............

♦ આપેલા કોષ્ટકમાંથી 'આંખ'ના પર્યાયવાચી શબ્દો શોધી લખો.

| | | | |
|---|---|---|---|
| ચ | ય | ન | લો |
| ને | ક્ષુ | ય | ચ |
| ત્ર | પ | ન | ન |

(૧) ............ (૩) ............

(૨) ............ (૪) ............

## વિશેષ કૃતિ

♦ આડાઅવળા અક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.

(૧) ઇ સા લ ક – ............

(૨) ચા ળા અ ક ટ – ............

(૩) ક્કી પ ન વ ચ – ............

(૪) ન પા ર ખ – ............

♦ નીચેના જોડશબ્દને જોડો.

ઝાડ    અજબ    ધક્કા    ભૂકે

ગજબ    પાન    ભૂકા    મુક્કી

♦ કોષ્ટક પૂર્ણ કરો.

| એકવચન | બહુવચન | એકવચન | બહુવચન |
|---|---|---|---|
| મોજું | | કેળું | |
| | પૈડાં | | ઘેટાં |
| ભૂંગળું | | ટીપું | |
| | કાણાં | મરચું | |
| રીંગણું | | પીછું | |

## કલાનો કસબ

♦ કાગળનો પંખો બનાવો.

## વિશેષ કૃતિ

♦ હવા સાથેનો તમારો અનુભવ બે-ત્રણ વાક્યમાં લખો.

♦ ચાલો, પ્રયોગ કરીએ.

નોંધ - આ પ્રયોગ શિક્ષક/વાલીની હાજરીમાં જ કરવો.



આ પ્રયોગ પરથી શું સાબિત થાય છે? તે કહો.




♦ ઉપરની જાહેરખબર વાંચી પ્રશ્નોના ઉત્તર લખો.

(૧) જાહેરાતમાં ક્યો સુવિચાર લખ્યો છે?

(૨) જાહેરાત શેના સંબંધિત છે?

(૩) પુસ્તકમેળામાં ક્યાં ક્યાં પ્રકારના પુસ્તકો છે?

(૪) પુસ્તકમેળો ક્યા સ્થળે ભરાયો છે?

(૫) પુસ્તકમેળો કેટલા દિવસ રહેશે?

(૬) પુસ્તકમેળામાં કઈ સવલત મળવાની છે?

સમાચાર વાંચન, જાહેરખબર વાંચન, સૂચના વાંચન, ફલક વાંચનનો વિશેષ મહાવરો કરાવવો.

## આટાપાટાની કરામત

♦ યોગ્ય નળનો ક્રમાંક શોધો.




♦ કહો કોણ?

જીભ વગર ટક-ટક કરે;
ચાલે પણ નહિ પગ;
કાંટા પણ વાગે નહિ;
સાંભળે આખું જગ.



ગોળ-ગોળ ફરતી જાય,
ફરતી-ફરતી ગાતી જાય;
દાણે-દાણા ખાતી જાય,
તોયે ન એનું પેટ ભરાય



# ૧૯. સિંહની પરોણાગત



♦ ચાલો, ગાઈએ

રીંછ એકલું ફરવા ચાલ્યું, હાથમાં લીધી સોટી;
સામે રાણા સિંહ મળ્યા રે, આફત આવી મોટી.

ઝૂકી ઝૂકી ભરી સલામો, બોલ્યું મીઠાં વેણઃ
''મારે ઘેર પધારો રાણા! રાખો મારું કહેણ.

હાડ-ચામડાં બહુબહુ ચૂંથ્યા, ચાખોજી મધ મીઠું;
નોંતરું દેવા ખોળું તમને, આજે મુખડું દીઠું!''

રીંછ જાય છે આગળ, એના પગ ધબધબ,
સિંહ જાય છે પાછળ, એની જીભ લબલબ.

''ઘર આ મારું, જમો સુખેથી, મધની લૂમેલૂમ.''
ખાવા જાતાં રાણાજીએ પાડી બૂમાબૂમ.

મધપૂડાનું વન હતું એ, નહીં માખોનો પાર;
બટકું પૂડો ખાવા જાતાં વળગી ભારોભાર.

આંખે, મોઢે, જીભે, હોઠે ડંખ ઘણેરા લાગ્યા;
''ભાગો બાપ રે!'' કરતાં ત્યાંથી વનરાજા તો ભાગ્યા.

રીંછ એકલું ફરવા ચાલ્યું, હાથમાં લીધી સોટી;
સામે રાણા સિંહ મળ્યા'તા, આફત ટાળી મોટી.

– રમણલાલ સોની.

## ચાલો, કૃતિ કરીએ

### ♦ ચાલો, વાતચીત કરીએ. 

(૧) કોઈ મુશ્કેલીમાં મુકાઓ ત્યારે તમે શું કરો છો?

(૨) કાવ્યમાં રીંછની કઈ વાત તમને ગમી?

(૩) તમારા ઘરે શેનું શેનું આમંત્રણ આવે છે?

(૪) તમારા ઘરે મહેમાન આવે ત્યારે તમે કઈ રીતે મહેમાનગતિ કરો છો?

## કૃતિના આધારે 

### ♦ નીચેનો અર્થ ધરાવતી પંક્તિઓ લખો.

(૧) મારી વાત માની મારાં ઘરે જમવાં આવો.

..........................................................................

(૨) સિંહ સામો મળ્યો હતો પણ આફત ટાળી દીધી.

..........................................................................

(૩) આમંત્રણ આપવા તમને શોધતો હતો.

..........................................................................

### ♦ સાચા જવાબનો પર્યાય ક્રમાંક ચોરસમાં લખો.

(૧) રીંછના હાથમાં શું હતું? ☐

(અ) લાકડી (બ) સોટી (ક) દંડો (ડ) ફૂલ

(૨) રીંછને રસ્તામાં કોણ મળ્યું? ☐

(અ) વાઘ (બ) વાંદરો (ક) હાથી (ડ) સિંહ

(૩) રીંછે સિંહને શું કહ્યું? ☐

(અ) મારા ઘેર પધારો (બ) મારા મિત્ર બનો (ક) મારી સાથે રમો (ડ) મને છોડી દો

### ♦ લખો.

(૧) રીંછ ક્યાં જતું હતું? ..........................................................................

(૨) તેને સામું કોણ મળ્યું?

(૩) રીંછે તેમને શેનું આમંત્રણ આપ્યું ?

(૪) વનરાજા શું કહેતાં ભાગ્યા?

(૫) સિંહને ક્યાં ક્યાં ડંખ લાગ્યા?

♦ નીચેનાં વાક્યોમાં ખરું હોય ત્યાં (✓) અને ખોટું હોય ત્યાં (x) નિશાની કરો.

(૧) રીંછ અને સિંહ બંને સાથે ફરવા ચાલ્યા. ☐

(૨) સિંહે રીંછને ઝૂકી ઝૂકીને સલામો ભરી. ☐

(૩) સિંહને જોતાં રીંછને મોટી આફત આવેલી જણાઈ. ☐

♦ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ શોધી નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.

(પાડો, વાઘણ, સાંઢણી, બકરો, હાથણી, બિલાડો, કૂતરી, વાંદરી, સિંહણ, ગધેડી)

| | | | |
|---|---|---|---|
| વાઘ | | સિંહ | |
| કૂતરો | | | ભેંસ |
| ગધેડો | | હાથી | |
| વાંદરો | | | બિલાડી |
| | બકરી | ઊંટ | |

## ભાષિક સમજ

♦ બાળશબ્દકોશમાંથી નીચેના શબ્દોના અર્થ શોધો.

રાજા – ............ આફત – ............ કહેણ – ............ ખોળવું – ............

હાડ – ............ વનરાજ – ............ નોતરું – ............ પાર – ............

♦ કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દની જોડી શોધીને લખો.

(૧) ............ (૩) ............

(૨) ............ (૪) ............

♦ વિરોધી શબ્દ લખો.

(૧) મોટી X ............ (૩) મીઠું X ............

(૨) આગળ X ............ (૪) સુખ X ............

બાળકોને પુસ્તકાલયમાંથી શ્રી. રમણલાલ સોની રચિત અન્ય બાળસાહિત્ય વાંચવા પ્રેરિત કરવા. સંકટના સમયમાં સમજદારી જ સહાયક બને છે, એ વાત સમજાવવી.

## વિશેષ કૃતિ

♦ તમે સિંહની જગ્યાએ હો તો શું કરો?

♦ તમને આ કાવ્યમાં શું ગમ્યું?

♦ તમને કોઈ જીવજંતુ કરડ્યું હોય તે અનુભવનું વર્ણન કરો.

♦ જોડકાં જોડો.



## સંભાષણ

♦ આ કાવ્યને વાર્તારૂપે રજૂ કરો.

## મારી કલમે

♦ રીંછ અને સિંહ વચ્ચેનો સંવાદ લખો.

# ૨૦. અક્કલનું માટલું

દક્ષિણ ભારતમાં નિઝામ અને મરાઠાઓ વચ્ચે સત્તાની હરીફાઈ ચાલી રહી હતી. નિઝામ હૈદરાબાદના નવાબ હતા.

નાના ફડણવીસ મરાઠાઓના ચિટણીસ હતા. એ મહાબુદ્ધિશાળી હતા. એમણે પોતાની બુદ્ધિથી મરાઠાઓમાં સંપ જાળવી રાખ્યો હતો. જ્યાં કોઈની અક્કલ કામ ન કરે ત્યાં એમની અક્કલ કામ કરતી. ગમે તેવી મુશ્કેલીમાં પણ એ કદી ગભરાતા નહિ.





એક દિવસ મરાઠાઓના દરબારમાં નિઝામનો એક દૂત આવી ચડ્યો. એના હાથમાં એક માટલું હતું. દૂતે નમન કરી કહ્યું, ''નિઝામ સરકારે આપને આ માટલું મોકલ્યું છે.''

દૂતની વાત સાંભળીને મરાઠા સરદારો ભારે ગુસ્સે થયા. એમના હાથ કેડે લટકતી તલવારો તરફ વળ્યા.

બધા બોલી ઊઠ્યા, ''મરાઠાઓનું આવું અપમાન આપણે સહન ન કરી શકીએ. આનો બદલો લેવો જોઈએ.''

નાના ફડણવીસે હસીને દૂતને પૂછ્યું, ''નિઝામે બીજું કાંઈ કહેવડાવ્યું છે?''

તમારા સહાધ્યાયી સાથે ગદ્યમાં આવેલા શબ્દોના પર્યાયી શબ્દ પૂછવાની રમત રમો.



દૂતે જવાબ આપ્યો, ''મહારાજ, એમણે કહ્યું છે કે આપ બહુ બુદ્ધિશાળી છો, એટલે આ માટલું ભરીને અક્કલ અમને મોકલો.''

નાના ફડણવીસે કહ્યું, ''ભલે, તું અહીં થોડા દિવસ રોકાઈ જા. ખાઈપીને લહેર કર. માટલું અક્કલથી ભરાઈ જશે એટલે તને આપીશું.''

દૂત સલામ કરીને ગયો. રાજના કારભારીએ એને ઉતારાપાણીની સગવડ કરી આપી.

દૂતના ગયા પછી નાના ફડણવીસે માળીને બોલાવ્યો અને કહ્યું, ''નદીકાંઠે તરબૂચના વેલા છે. એના ઉપર તરબૂચ આવ્યાં છે. એ હજી નાનાં છે. એમાંથી એક તરબૂચને આ માટલામાં પૂરીને એને માટલામાં જ મોટું થવા દેજે. માટલા જેવડું મોટું થઈ જાય એટલે એનું ડીંટિયું કાપીને અહીં લઈ આવજે.''

માળી માટલું લઈને ત્યાંથી ચાલ્યો ગયો. થોડા દિવસ પછી માળી તરબૂચવાળું માટલું લઈને હાજર થયો.

નાના ફડણવીસે નિઝામના દૂતને બોલાવીને માટલું આપીને કહ્યું, ''આ માટલું નિઝામને આપજો અને કહેજો કે અમે એમાં છલોછલ અક્કલ ભરી છે. માટલું ફૂટે નહિ એવી રીતે અક્કલ કાઢી લો. એ કાઢતાં માટલું ફૂટી જશે તો બધી અક્કલ વેરાઈ જશે અને અમારી મહેનત નકામી જશે.''

દૂત માટલું લઈને ચાલ્યો ગયો. જઈને નિઝામને બધી વાત કરી અને માટલું તેમની સામે કચેરીમાં મૂક્યું.

નાના ફડણવીસની અક્કલ જોઈને નિઝામ સહિત તમામ મોઢામાં આંગળાં નાખી ગયા.



બાળકોને અકબર-બિરબલ, રાજા ભોજ-કાલિદાસ, રાજા કૃષ્ણદેવરાય-તેનાલીરામનના બુદ્ધિ ચતુરાઈના અન્ય પ્રસંગો વાંચી, વર્ગમાં રજૂ કરવા પ્રેરણા કરવી.

# ૨૧. ચોખ્ખાઈ કરે ભલાઈ

**પાત્રો** – **અનુજ** – અભ્યાસ કરતો છોકરો (વિદ્યાર્થી)

**દિયા** – અભ્યાસ કરતી છોકરી (વિદ્યાર્થિની)

**ખુશી બહેન** – દિયા, અનુજનાં મમ્મી

સ્થળ – એક ઘરનું દૃશ્ય    સમય – અંદાજિત ૭ મિનિટ

*(એક ઘરના રસોડામાં/ડાઈનિંગ ટેબલ ઉપર ફળોની ટોપલી છે. પ્રાથમિક શાળામાં ભણતો એક છોકરો – અનુજ ઘરમાં પ્રવેશે છે. ફળની ટોપલીમાંથી સફરજન ખાવા માટે હાથમાં લે છે.)*

**અનુજ** : હાશ! ચાલો સફરજન ખાઈએ.

*(એ વખતે દિયા ઘરમાં પ્રવેશે છે.)*

**દિયા** : ઊભો રે, ભાઈ ઊભો રે!

**અનુજ** : કેમ શું થયું? સફરજન સારું નથી?

**દિયા** : સફરજન તો સારું જ છે, પણ તું રમીને આવ્યો છે. પહેલાં તારા હાથ–પગ અને મોં સાબુથી બરાબર ધોઈને આવ.





**અનુજ** : પણ બહેન, મને તો હાથ-પગ ધોવાનો બહુ કંટાળો આવે છે. જા, હું તો નથી ધોવાનો.

**દિયા** : કેમ ભૂલી ગયો? નિશાળમાં આપણા સાહેબે શીખવ્યું હતું ને કે ખાતાં પહેલાં હાથ-પગ, મોં સાબુથી બરાબર ધોવાં જોઈએ. નહીં તો રોગ થાય.

**અનુજ** : હા, હા, યાદ આવ્યું. સારું તો હું હાથ-મોં ધોઈને આવું છું.

*(અનુજ સફરજન ટોપલીમાં પાછું મૂકી હાથ-પગ ધોવા જાય છે અને થોડી વાર પછી અનુજ હાથ-પગ, મોં ધોઈને પાછો આવી ટોપલીમાંથી સફરજન લઈ ખાવા જાય છે.)*

**દિયા** : ઊભો રે ભાઈ! ઊભો રે!

**અનુજ** : વળી પાછું શું થયું? મેં હાથ-પગ, મોં સાબુથી સરસ રીતે ધોયાં છે. તો પછી હવે શું છે?

**દિયા** : આપણા સાહેબે એવું પણ શીખવેલું કે ફળફળાદિ પાણીથી બરાબર ધોઈ, ચોખ્ખાં કપડાંથી લૂછ્યા પછી જ ખાવાં જોઈએ.

**અનુજ** : એ તો હું ભૂલી જ ગયો હતો. તારી વાત બિલકુલ સાચી છે. હવેથી હું ફળફળાદિ બરાબર ધોઈને, ચોખ્ખાં કપડાં વડે લૂછીને જ ખાઈશ.



*(અનુજ સફરજન ધોવા જાય છે. એ દરમિયાન તેમના મમ્મી ખુશીબહેન શાકભાજીની ટોપલી લઈને પ્રવેશે છે. શાકભાજી બનાવવાની તૈયારી કરે છે. એ વખતે અનુજ સફરજન લઈને પરત ફરે છે.)*

**દિયા** : ઊભી રહે, ઊભી રહે, મમ્મી!

*(તેમની મમ્મીને શાક સમારતાં જોઈને દિયા બૂમ પાડે છે.)*

**ખુશીબહેન** : કેમ શું થયું? બંને ભાઈ-બહેને ઉપવાસ કર્યો છે કે શું? હું શાક ન બનાવું?

**દિયા** : ના, મમ્મી એવું નથી.

**ખુશીબહેન** : તો પછી કેવું છે?

**અનુજ** : મમ્મી, શાક બનાવતાં પહેલાં તમે શાકભાજી બરાબર ધોયાં છે?

**ખુશીબહેન** : અરે વાહ! તમે બંને તો ખૂબ જ હોશિયાર થઈ ગયાં ને! બેટા, મેં શાકભાજી બે વાર ચોખ્ખાં પાણીથી બરાબર ધોયાં છે અને ચોખ્ખાં કપડાંથી સાફ પણ કર્યાં છે. ચોખ્ખાઈ રાખું તો જ તંદુરસ્ત રહેવાય ને!

**દિયા** : હં... તો બરાબર. આટલી તકેદારી તો રાખવી જ જોઈએ.

**ત્રણે સાથે** : (પ્રેક્ષકો સામે જોઈને) તમને પણ સમજાયું ને, કે ચોખ્ખાઈ કરે ભલાઈ.

– મહેશ 'સ્પર્શ'

## ચાલો, કૃતિ કરીએ

### ♦ ચાલો, વાતચીત કરીએ

(૧) ગંદકી હોય ત્યાં શું તકલીફો થાય?

(૨) ઘરને ચોખ્ખું રાખવા માટે તમે શું સહયોગ આપો છો?

(૩) ચોખ્ખું પરિસર સારું લાગે કે ગંદુ?

## કૃતિના આધારે

### ♦ કહો કોણ

(૧) અનુજને હાથ ધોવાનું યાદ કરાવનાર –

(૨) હાથ ધોવાનો કંટાળો કરનાર –

(૩) ખાતા પહેલાં હાથ ધોવાનું શીખવનાર –

(૪) શાકભાજી સમારનાર –

### ♦ ટૂંકમાં જવાબ આપો.

(૧) પાઠમાં આવેલા પાત્રોના નામ

(૨) આ પાઠ શું સંદેશ આપે છે?

(૩) ખાતાં પહેલાં શું કરવું જોઈએ?

(૪) ફળફળાદિ કેવી રીતે ખાવાં જોઈએ?

## ભાષિક સમજ

### ♦ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલ શબ્દ શોધો.

ગૃહ – જળ – ચરણ – સ્વચ્છ –

મેજ – કર – વસ્ત્ર – સાવચેતી –

### ♦ શબ્દની અંતાક્ષરી પૂર્ણ કરો.

(૧) નીરોગી → → →

(૨) શાકભાજી → → →

♦ નીચેના શબ્દ પરથી બનતા બીજા શબ્દો લખો.







♦ સાચી જોડણી પર ◯ કરો

| | | |
|---|---|---|
| (૧) નીશાળ | નિસાળ | નિશાળ |
| (૨) હોસીયાર | હોશિયાર | હોશીયાર |
| (૩) તનદુરસ્ત | તંદુરસ્ત | તંદૂરસ્ત |
| (૪) ટોપલી | ટોપલિ | ડોપલી |

♦ ઉદાહરણ પ્રમાણે શબ્દ તૈયાર કરો.

(૧) ચોખ્ખું – ચોખ્ખાઈ

(૨) ભલું – ______

(૩) સાદું – ______

(૪) સાફ – ______

♦ નીચેના નામોનું યોગ્ય વર્ગીકરણ કરો.

પૂર્વી, મુંબઈ, ગંગા, આશા, કમળ, અમદાવાદ, અશોક, ગોદાવરી, મીના, રશિયા, દિલીપ, મોગરો, યમુના, ભારત, ભાવેશ, ચીન, પુણે, જાસૂદ

| છોકરો | છોકરી | દેશ | શહેર | નદી | ફૂલ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |

## મારી કલમે

♦ નીચેનો શુભેચ્છા સંદેશ પૂર્ણ કરો.

પ્રિય મિત્ર ..................... ૧૫/૦૮/૨૦૨૬

૭૯માં સ્વાતંત્ર્યપર્વની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

લિ.

♦ વર્ગમાં સ્વચ્છતા જાળવવા અંગેની સૂચનાઓ લખો.

## સંભાષણ

♦ શાળામાં સ્વચ્છતા દિનની ઉજવણીમાં ભાષણ આપવા માટે વક્તવ્ય તૈયાર કરો.

♦ અહીં આપેલી સૂચના વાંચો. તમે આ સૂચના ક્યાં વાંચો છો? આ સૂચના વિશે જૂથમાં ચર્ચા કરો.

☞ નળ ખુલ્લો રાખશો નહીં.

☞ અહીં હાથ-મોં ધોવા નહીં.

☞ અહીં થૂકવું નહીં.

☞ પાણી પીને નળ બંધ કરો.

☞ અહીં ગંદકી કરવી નહી.

## વિશેષ કૃતિ

♦ 'સ્વચ્છતા એ સ્વાસ્થ્યની ચાવી છે' વિશે તમારો મત જણાવો.

♦ સારી ટેવ હોય તો ગોળમાં લીલો અને ખરાબ ટેવ હોય તો ગોળમાં લાલ રંગ પૂરો.

(૧) રાકેશ ઘરકામમાં મમ્મીને મદદ કરે છે. ◯

(૨) ધર્મેશ વડીલોને પગે લાગે છે. ◯

(૩) સુમન આખો દિવસ મોબાઈલ લઈને રમે છે. ◯

(૪) છાયા ચાવી ચાવીને જમે છે. ◯

(૫) અનિલ નિયમિત સૂર્યનમસ્કાર કરે છે. ◯

(૬) વિશાલ જમ્યા પહેલાં હાથ ધોતો નથી. ◯

(૭) જય ઝેબ્રા ક્રોસિંગ પરથી રસ્તો ઓળંગે છે. ◯

(૮) નિષ્ઠા પહેરેલાં કપડાંથી નાક લૂછે છે. ◯

♦ નીચેનો ગદ્યાંશ વાંચો. આ ગદ્યાંશનો અર્થ એક-બે વાક્યમાં કહો.

## ધીરજનાં ફળ મીઠાં

દશરથભાઈની વાડીમાં સરસ મજાનો આંબો હતો. આંબા પર મોટી મોટી લીલી કેરીઓ હતી. એને ઉતારીને ટોપલામાં ઘેર લાવ્યા. બધાં છોકરાં કેરીઓ જોઈને નાચવા લાગ્યાં. દશરથભાઈએ કહ્યું, ''હજી કેરીઓ કાચી છે. ચાર-પાંચ દિવસ પછી પાકે એ પછી ખાવાની છે.'' છોકરાઓ કંઈ માને? કેરીઓ લે. કાચી કેરી તો ખાટી લાગે એટલે ફેંકી દે. આમ, થોડીક કેરીઓ બગાડી. ચાર દિવસ પછી અલગ રાખેલી કેરીઓ દશરથભાઈએ બધાંને આપી. એ કેરીઓ તો ખૂબ મીઠી હતી. છોકરાં પસ્તાયાં કે નકામી ઉતાવળ કરી. ધીરજ રાખી હોત તો કેવી મીઠી કેરીઓ ખાવા મળત!

♦ શબ્દસમૂહ માટે વપરાતા શબ્દોને યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| જોઈએ તેટલું જ વાપરનાર | ઉડાઉ |
| જોઈએ તે કરતાં ઓછું વાપરનાર | કરકસરિયું |
| જોઈએ તે કરતાં વધુ ખર્ચ કરનાર | કંજૂસ |
| કાર્યક્રમ જોનાર માણસ | વક્તા |
| ભાષણ આપનાર | શ્રોતા |
| સાંભળનાર લોકો | પ્રેક્ષક |

♦ યોગ્ય જોડકાં જોડો

| | |
|---|---|
| કેળા | ઝુમખું |
| દ્રાક્ષ | લૂમ |
| ચાવી | સંઘ |
| યાત્રાળુ | ઝૂડો |

♦ નીચેના સુવાક્ય વાંચો, સારા અક્ષરે લખો. જીવનમાં અપનાવો.

(૧) દહીં-છાશ ચાખો, તાજાં માજાં થાઓ.

(૨) હંમેશા મીઠી વાણી બોલીએ.

(૩) પ્રાણી માત્ર પર પ્રેમ રાખીએ.

(૪) વગર વિચાર્યું જે કરે, તે પાછળથી પસ્તાય.



વિદ્યાર્થીઓને યોગ્ય આરોહ-અવરોહ અને ઉચ્ચાર સાથે, વિરામચિહ્નોની સભાનતા સહ, સ્પષ્ટ ઉચ્ચાર સહિત ક્રમિક વાંચન કરાવવું. સ્વચ્છતાનું મહત્વ સમજાવવું. વિશેષ પ્રસંગે શુભેચ્છા સંદેશ પાઠવવાનો મહાવરો કરાવવો.

♦ નીચેના ચિત્રોમાં રહેલા તફાવત શોધો.





# ૨૨. 'ળ' કહે છે

ભાષાશાસ્ત્રી, તમે મને અવગણ્યો;
તે મેં સહ્યું શાંતિથી.

દીધું અક્ષરમાળ પૂરી થઈ ત્યાં,
છેલ્લે હીણું સ્થાન ને;
ના કો વાક્યમહીં ન શબ્દમહીં યે,
આરંભસ્થાને મૂક્યો.

એ અન્યાય હજી ન હોય પૂરતો,
તેવી રીતે તો મને;
ધક્કેલી દઈ દૂર કેમ મૂકતા,
સ્થાને 'ળ' ને શેં 'લ' ને?

મારે ના ફરિયાદ કોઈ કરવી,
છે પૂછવું ફક્ત આ;
કે 'કાળ', 'પીળું' અને 'કાળા',
'વાળ' મહીં જરી મૂકી જુઓ
મારી જગ્યાએ 'લ' ને !!

– ગીતા પરીખ



કૃતિ સમજાવવાની શરૂઆત કરતાં પહેલાં જ બોર્ડ પર વર્ણમાળા લખવી. તેમાં 'ક્ષ' અને 'જ્ઞ' એ બંને જોડાક્ષર છે. તે તરફ ધ્યાન દોરવું. માટે પૂર્ણ અક્ષરોની હરોળમાં 'ળ'નું સ્થાન છેલ્લું છે તે સમજાવવું.

## ચાલો, કૃતિ કરીએ

♦ **ચાલો, વાતચીત કરીએ**

(૧) કોઈ છેલ્લા ક્રમે બેસાડે તો તમને કેવું લાગે છે?

(૨) કોઈ તમારી સાથે અયોગ્ય વર્તન કરે ત્યારે તમે શું કરો છો?

(૩) કોઈ કાર્યક્રમમાં તમારા બદલે તમારા મિત્રને પસંદ કરવામાં આવે તો તમને કેવું લાગે?

(૪) એવી કઈ બાબત છે જે માટે કોઈ બીજાને નહીં, પરંતુ તમને જ પસંદ કરવામાં આવે છે?

### કૃતિના આધારે

♦ **નીચેનો અર્થ ધરાવતી પંક્તિઓ લખો.**

(૧) મને વર્ણમાળામાં સૌથી છેલ્લું સ્થાન આપ્યું છે.

(૨) કોઈ વાક્ય કે શબ્દની શરૂઆતમાં મને મૂક્યો નથી.

(૩) 'ળ'ને ધક્કો મારી 'લ'ને શા માટે લો છો?

(૪) ભાષાશાસ્ત્રીએ કરેલી મારી અવગણના મેં શાંતિથી સહન કરી છે.

♦ **ખાલી જગ્યા પૂરો.**

(૧) મારે ના .................. કોઈ કરવી.

(૨) .................. તમે મને અવગણ્યો.

(૩) એ .................. હજી ન હોય પૂરતો.

♦ **એક શબ્દમાં જવાબ લખો.**

(૧) ગુજરાતી અક્ષરમાળામાં કુલ કેટલા અક્ષરો છે? ..................

(૨) કાવ્યમાં ક્યો અક્ષર ફરિયાદ કરે છે? ..................

(૩) 'ળ'ને સ્થાને કોને લેવામાં આવે છે? ..................



પ્રસ્તુત કૃતિના માધ્યમથી શુદ્ધલેખન અને શુદ્ધ ઉચ્ચારની આવશ્યકતા તથા મહત્તા સમજાવવી. તે વિશે સભાન રહેવાની ટેવ પાડવી. એકને બદલે બીજો અક્ષર લખતા કે બોલતા થતા અર્થભેદ તરફ ધ્યાન દોરવું.

♦ શબ્દકોશમાંથી નીચેના શબ્દોના અર્થ શોધો.

(૧) ભાષાશાસ્ત્રી – ..........  (૩) અવગણવું – ..........

(૨) હીણું – ..........  (૪) આરંભ – ..........

♦ 'ળ' આવતો હોય તેવા શબ્દો લખો.

..........

♦ 'ળ' ને બદલે 'લ' લખવાથી અર્થમાં થતા ફેરફારને જાણીએ.

| | | | |
|---|---|---|---|
| (૧) કાળ | – સમય | કાલ | – ચાલુ દિવસની આગળ ને પાછળનો દિવસ |
| (૨) પીળું | – હળદરનાં રંગનું | પીલું | – મરઘીનું બચ્ચું |
| (૩) વાળ | – કેશ | વાલ | – એક કઠોળ |
| (૪) ઢાળ | – ઢોળાવ | ઢાલ | – પ્રહાર ઝીલવાનું સાધન |
| (૫) પાળી | – પાળ | પાલી | – અનાજ ભરવાનું સાધન |

♦ આ જ રીતે એકને બદલે બીજો અક્ષર લખતા, થતો અર્થભેદ શબ્દકોશમાંથી શોધીને લખો.

(૧) કોડ – ..........  કોટ – ..........

(૨) ખાડો – ..........  ખાટો – ..........

(૩) શાલ – ..........  સાલ – ..........

(૪) પાડી – ..........  પાટી – ..........

♦ 'ન્યાય'ની આગળ 'અ' લગાડવાથી 'અન્યાય' એટલે કે તેનો વિરોધી શબ્દ બને છે. તે જ રીતે નીચેના શબ્દોની આગળ 'અ' મૂકી બનતા શબ્દો લખો.

(૧) જ્ઞાન – ..........  (૪) સંતોષ – ..........

(૨) શુભ – ..........  (૫) નિયમિત – ..........

(૩) શાંત – ..........  (૬) વિવેક – ..........

♦ કૌંસમાંથી યોગ્ય અક્ષર પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) નુક ....... ન (સા, શા) (૨) ....... દગી (જીં, જિં) (૪) ....... વણ (શી, સી)

(૩) પો ....... સ (લી, લિ) (૫) ....... જ ળી (વી, વિ) (૬) ....... શિયારી (હો, હોં)

♦ આપેલી ચાવીને આધારે લખો. જવાબનો પહેલો અક્ષર સમાન આવશે.

(૧) 'ના'નો વિરોધી

(૨) એક ઘરેણું

(૩) હાથીની માદા

(૪) એક વાહન

♦ શબ્દમાં છુપાયેલો શબ્દ શોધીને લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| કાતર – | ....... | તમારા – | ....... | કરામત – | ....... |
| દાદર – | ....... | વરસ – | ....... | તલવાર – | ....... |

## વિશેષ કૃતિ

♦ શું આ રીતે એકને બદલે બીજો અક્ષર લેવો તે યોગ્ય છે? તમારો મત જણાવો.

♦ તમારા મતે અક્ષરમાળાના બીજા ક્યા અક્ષર સાથે યોગ્ય ન્યાય થયો નથી? કારણ સમજાવો.

♦ નીચેની રેખાકૃતિને પેન્સિલ વડે પૂર્ણ કરી તેમાં રંગ પૂરો અને ૫થી ૬ વાક્યમાં તેનું વર્ણન કરો.



♦ આપેલા કોષ્ટકમાંથી આડા, ઊભા, ત્રાંસા શબ્દો બનાવો.
બે મિનિટમાં જે વધુ શબ્દો બનાવે તે વિજેતા.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જ | ન | ક | ર | ક | લા | મ | ક | બા | જં |
| લા | બ | બા | વિ | મ | લ | ગ | રી | મ | ગ |
| ર | મા | ટ | મા | ળ | મો | અ | ક | ત | લ |
| ક | ન | ય | ન | ળા | ગ | ક્ષ | બ | ગૌ | જ |
| ખ | વ | ગ | ઢ | ઘૂ | રો | ય | ફા | જ | ત્રિ |
| વિ | ષ | ય | કા | મ | ઘ | જ | લ | ગ | કો |
| વે | જ | ર | ક્ષ | સ | ર | રા | ખ | મ | ણ |
| ક | દ | મ | ત્રિ | ઈ | લા | મ | ડું | મ | ગા |
| પ | બિ | ક | ય | રા | ચિ | રા | ગ | ગ | ભ |
| તં | લા | પ | પૈ | યું | ને | બ | ર | ફ | ગા |
| ગ | ડી | લા | શ્ર | વ | ણ | શા | હે | ર | જ |

♦ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

(૧) ફૂલ, તળાવ, કમળ – ..................

(૨) રસ્તા, દોડતાં, વાહનો – ..................

(૩) રસોડું, પપ્પા, રસોઈ – ..................

(૪) વર્ગ, શિક્ષક, પાઠ – ..................

# ૨૩. કલાની કરામત



શરદ એક ગરીબ છોકરો હતો. વૃદ્ધ દાદી સિવાય તેનું પોતાનું કોઈ નહોતું. શાળામાં અભ્યાસની સાથે જ તેને બીજું ઘણું કામ કરવું પડતું.

વહેલી સવારે તે છાપાં નાખવાં જાય. બપોરે શાળા છૂટ્યા બાદ, તે દૂધની બાટલીઓ પહોંચાડી આવે. એ પૈસાથી તે પોતાની ફી, પુસ્તકો, કપડાંનો ખર્ચ કાઢતો. દાદી પણ થોડી મદદ કરતાં. તેઓ ખાખરા, પાપડ જેવા ખાદ્યપદાર્થો બનાવીને વેચતાં. તેમાંથી જેમ-તેમ તેમનાં રોટલા નીકળતા.

એકવાર દાદી ખૂબ બીમાર પડ્યાં. તેઓ સાદી ખીચડી પણ બનાવી શકતાં નહોતાં. તો ઘરના બીજા કામ તો ક્યાંથી કરે? બધો ભાર શરદ પર આવી પડ્યો. તેના માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની ગયું. તે સવારે છાપાં નાખવાં પણ નહોતો જઈ શકતો. દૂધ પણ પહોંચાડી નહોતો શકતો. શાળામાં પણ ગેરહાજરી થવા લાગી.

શરદ દાદીનાં ઓશીકા પાસે બેસીને તેમને વાર્તાનાં પુસ્તકો વાંચી સંભળાવતો. વાંચતાં વાંચતાં તે વિચારતો કે અહીં દાદી પાસે બેઠાબેઠા કોઈ કામ કરી શકાય કે?

એક દિવસ તે આવા જ વિચારોમાં ડૂબેલો હતો, ત્યારે તેના હાથમાંનાં પુસ્તકમાંથી એક શુભેચ્છા કાર્ડ નીચે પડ્યું. તેના મિત્રએ તે શુભેચ્છા કાર્ડ તેને આપ્યું હતું. કાર્ડ જોતાં જ શરદને વિચાર આવ્યો કે આવા શુભેચ્છા કાર્ડ તૈયાર કરીને વેચુ તો?

તેને સુંદર ચિત્રકામ આવડતું હતું. તેણે પોતાનો વિચાર દાદીને જણાવ્યો. દાદીને પણ તે ખૂબ ગમ્યો. દાદી પાસે બેઠાબેઠા તે ચિત્રો દોરવા લાગ્યો. સૂર્યોદય, ઝાડ પર બેઠેલું પક્ષી, જુદાંજુદાં રંગીન ફૂલ... એવા કેટલાયે ચિત્રો દોર્યાં.

આ ચિત્રો તેણે પોતાનાં દાદીને દેખાડ્યાં. દાદીની શાબાશી મેળવીને તે દોડતો પોતાના ચિત્રકલાના શિક્ષક પાસે ગયો. તેમણે શરદને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું. એટલું જ નહીં, પણ તેમણે એક શુભેચ્છાકાર્ડ વેચાતું પણ લીધું. આ રીતે તેના વેચાણની શરૂઆત થઈ.



દાદીની તબિયત સારી થતાં તે કામની પાછળ લાગી ગયો. તે કંઈક નવું, કંઈક જુદું કરવા ઈચ્છતો હતો. વિચાર કરતા કરતા તેની નજર પીપળાનાં પાન પર પડી. પાન જોતાં તેણે વિચાર કર્યો કે પીપળાંના પાનનો ઉપયોગ ભેટકાર્ડ તરીકે કરું તો? તેણે સૂકું જાળીદાર પાન ઉપાડ્યું. તેના પર હળવા હાથે તેનો કૂચો(પીંછું) ફરવા લાગ્યો. નજર સામે ઘંટ આવતા તેણે ઘંટના આકારનું ભેટકાર્ડ તૈયાર કર્યું. ઈંડાના આકારનું ભેટકાર્ડ તો એણે એવી ખૂબીથી તૈયાર કર્યું કે તેને ખોલતાં જ અંદરથી એક પીળું પીલું બહાર આવીને તેની નાનકડી ચાંચ ખોલીને 'નૂતન વર્ષાભિનંદન' કરે! કેવી રીતે? તે અક્ષરો જ બરાબર ચાંચ સામે આવે ને! એક ભેટકાર્ડ પર શરદે મસુરની દાળ ચોંટાડીને સુંદર મોર તૈયાર કર્યો. બીજા કાર્ડમાં તો એણે એવી યુક્તિ કરી કે તેને ચત્તું પકડો તો દાઢીવાળા દાદા દેખાય અને ઊંધું પકડો તો જટાધારી સંત દેખાય.

હવે શરદના ભેટકાર્ડ ફટાફટ વેચાવા લાગ્યા. પણ તેણે એટલાથી સંતોષ ન માન્યો. તે નિતનવી કલ્પનાઓ દ્વારા અનેક સુંદર ભેટકાર્ડ તૈયાર કરવા લાગ્યો. તેણે તૈયાર




કરેલા ભેટકાર્ડ એટલાં નવીનતાપૂર્ણ હતાં કે, જોતાંવેત કોઈને પણ ખરીદવાનું મન થઈ જાય. તેનાં કાર્ડનું સરસ વેચાણ થવાથી તેને વધુ પ્રોત્સાહન મળતું. પીપળાના પાનની સાથે સાથે તે બીજાં પાનનો પણ ઉપયોગ કરવા લાગ્યો. ભેટકાર્ડનું પરબિડીયું પણ તે સુંદર શણગારતો. નાનાં-મોટાં રંગીન ટપકાંઓ દોરી પરબિડીયાં પર સુંદર સુશોભન કરતો. ક્યારેક તે ઉપરથી પાણીનાં ટીપાં પડતાં દર્શાવતો. નીચે દોરેલું ઘાસ એકદમ સાચું દેખાય એ માટે ત્યાં દુર્વા ચોંટાડતો. ક્યારેક તે લીલાંછમ પાન ચોંટાડી વચ્ચે ફૂલની જગ્યાએ છોકરાઓના હસતા ચહેરા દોરતો. આવી અવનવી કલ્પનાઓ દ્વારા તેણે વિવિધ ભેટકાર્ડ તૈયાર કર્યાં.

દિવાળી, નાતાલ, ઈદ જેવા તહેવારોમાં તો શરદનાં ભેટકાર્ડ ઘણાં વેચાતાં. તેનાં દાદીને ખૂબ આનંદ થતો. તેની આ કલ્પનાશક્તિથી દાદીની બીમારીનો થયેલો બધો ખર્ચ ભરી શક્યો. હવે તેનાં દાદી પણ એકદમ સાજાંમાજાં થઈ ગયાં. શરદ પણ નિયમિત શાળાએ જવા લાગ્યો. કળા, દઢતા અને પરિશ્રમથી આ બધું શક્ય બન્યું. લોકો તો એને શરદને મળેલું વરદાન જ માને છે!

– પદ્મજા ફાટક
(અનુવાદિત કૃતિ)

## ચાલો, કૃતિ કરીએ

### ♦ ચાલો, વાતચીત કરીએ

(૧) તમે અભ્યાસ સિવાય બીજી કઈ વસ્તુ સરસ કરી શકો છો?

(૨) તમે કઈ રીતે ઘરમાં મદદરૂપ થાઓ છો?

(૩) તમે કોને શુભેચ્છાકાર્ડ આપશો?

(૪) આપણે ક્યા કયા પ્રસંગે લોકોને શુભેચ્છા પાઠવીએ છીએ?

## કૃતિના આધારે

### ♦ કોષ્ટક પૂર્ણ કરો.

| કેવી? | | કેવા? | | કેવું? | |
|---|---|---|---|---|---|
| વહેલી | સવાર | | દાદી | સુંદર | ચિત્રકામ |
| | ખીચડી | જટાધારી | સંત | | પીલું |
| | ચાંચ | | હાથ | | ફૂલ |
| | કલ્પનાઓ | | દાદા | | પાન |

### ♦ શું તે લખો.

(૧) શરદને આવડતું હતું –

(૨) વાર્તાના પુસ્તકમાંથી નીચે પડ્યું –

(૩) શરદ દાદીમાને વાંચી સંભળાવતો –

(૪) શરદના શિક્ષકે વેચાતું લીધું –

(૫) શરદે મોરમાં ચોંટાડ્યું –

(૬) ઘાસ દેખાડવા ચોંટાડતો –

## ♦ ખાલી જગ્યા પૂરો.

(૧) ભેટકાર્ડનું .................... પણ તે સુંદર શણગારતો.

(૨) ભેટકાર્ડ ઊંધું પકડો તો .................... દેખાય.

(૩) ભેટકાર્ડ ચત્તું પકડો તો .................... દેખાય.

(૪) પીલું બહાર આવીને .................... કરે.

## ♦ શું તે લખો.

(અ) શરદને શિક્ષકે આપ્યા → [ ] → [ ]

(બ) શરદને મળેલું વરદાન → [ ] → [ ] → [ ]

(ક) શરદે દોરેલા ચિત્રો → [ ] → [ ] → [ ]

(ડ) પાઠમાં આવેલા તહેવાર → [ ] → [ ] → [ ]

## ♦ લખો.

(૧) શરદ પોતાની ફી અને પુસ્તકોનો ખર્ચ કાઢવા શું કરતો?

(૨) રોટલાનો ખર્ચ કાઢવા દાદી શું કરતાં?

(૩) તમે શરદની જગ્યાએ હો તો શું કરો?

(૪) તમારા શબ્દોમાં શરદનું વર્ણન કરો.

### ભાષિક સમજ



♦ **નીચે પાઠમાં આવેલા શબ્દ અને તેના અર્થની ભેળસેળ થઈ ગઈ છે. તેમાંથી શબ્દ અને અર્થને છૂટા પાડો.** (છાપું, તારીફ, નિશાળ, ખૂબી, મુશ્કેલ, વર્તમાનપત્ર, કાર્ય, શાબાશી, અઘરું, શાળા, કામકાજ, ચતુરાઈ)

(૧) .......... – .......... (૩) .......... – .......... (૫) .......... – ..........

(૨) .......... – .......... (૪) .......... – .......... (૬) .......... – ..........





જીવનમાં કલા-કૌશલ્યનાં મહત્વ વિશે વિસ્તૃત ચર્ચા કરવી. તેમના ભાવવિશ્વ સંબંધિત ઉદાહરણ આપવા. કલા નિજાનંદ આપવાની સાથે વ્યક્તિને વિશેષ ઓળખ અને આવક પણ મેળવી આપે છે તે જણાવવું.

♦ કોષ્ટક પૂર્ણ કરો.

| | | | |
|---|---|---|---|
| દાદા | દાદી | કાકા | |
| | માસી | | નાની |
| મામા | | ભાઈ | |
| | ફોઈ | | બહેન |

♦ સાચી જોડણી પર ◯ કરો.

(૧) ઓશિકું — ઓશીકું — ઓશિકૂં
(૨) તબયત — તબીયત — તબિયત
(૩) પૂસ્તક — પુસ્તક — પુસતક
(૪) શુભેચ્છા — શૂભેચ્છા — શુભેચછા

♦ પાઠમાં આવેલ શબ્દ 'જાળીદાર'ની જેમ છેલ્લે 'દાર' આવતા અન્ય શબ્દો લખો.

..............................................................................

## કલાનો કસબ

♦ તમારા મિત્રને જન્મદિવસની શુભકામના આપતું શુભેચ્છા કાર્ડ બનાવો અને તેના પરબિડીયાંને શણગારો. (કાર્ડમાં વારલી ચિત્રકલાનું અને ક્વીલીંગનો ઉપયોગ કરી શકાય)

♦ નીચેના પ્રસંગો માટે શુભેચ્છા સંદેશ લખો.

(૧) દિવાળી (૨) બેસતું વરસ (૩) જન્મ દિવસ
(૪) માતા-પિતા યાત્રાએ જાય છે. (૫) મિત્ર પહેલા ક્રમાંકે ઉત્તીર્ણ થયો.

♦ જુદાં જુદાં પાનનો ઉપયોગ કરી તમને ગમતી કૃતિ તૈયાર કરો.

♦ સૂકાઈ ગયેલા પાન વડે તમને ગમતી કૃતિ તૈયાર કરો.

## વિશેષ કૃતિ

♦ આડાઅવળા અક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.

(૧) મ ચિ કા ત્ર - ..........
(૩) બિ ર પ યું ડી - ..........
(૨) ન ર્શ મા દ ર્ગ - ..........
(૪) ર હા ગે રી જ - ..........

♦ નીચેના શબ્દોના અક્ષરને ઉલટાવીને બનતો નવો શબ્દ લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) નવ | – વન | (૩) નીપા | – | (૫) હવા | – |
| (૨) કલમ | – | (૪) મજા | – | (૬) લીલા | – |

♦ વર્તમાનપત્રમાં છપાયેલ નીચેના સમાચાર વાંચો. તેના શીર્ષક-ઉપશીર્ષક ઓળખો.

## ગુરુકુળ વિદ્યાલયમાં આયોજિત ભેટકાર્ડ પ્રદર્શનને મળેલો સુંદર પ્રતિસાદ

### વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા વિવિધ ભેટકાર્ડ ખરીદવા લોકોની પડાપડી

તા. ૧૫/૯/૨૬ના રોજ ગુરુકુળ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા વિવિધ પ્રસંગ- તહેવાર માટેના ભેટકાર્ડનું પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ જુદી જુદી વસ્તુઓનો ઉપયોગ કરીને જુદા જુદા આકારના આકર્ષક ભેટકાર્ડ તૈયાર કર્યા હતા. ભેટકાર્ડનાં પરબિડીયાંને પણ સુંદર રીતે શણગારવામાં આવ્યાં હતાં. લોકોએ ઘણાં ભેટકાર્ડ ખરીદ્યાં. ભેટકાર્ડનું પ્રદર્શન ખૂબ સફળ રહ્યું.

♦ નીચેનો ફકરો વાંચી, ૫થી ૬ વાક્યોમાં તેનો સારાંશ કહો.

મેડિકલ કોલેજના એક વર્ગમાં પ્રોફેસર વ્યાખ્યાન આપી રહ્યા હતાં. તેમણે કહ્યું : 'ડૉક્ટર બનવા માટે તમારે બે શક્તિની ખાસ જરૂર છે : એક છે નિરીક્ષણ શક્તિ અને બીજી છે સહનશક્તિ. દવાઓની ગંધથી તમારે નાક-મોં સંકોડવાના નથી. એમ કહી તેમણે કહ્યું : 'હવે એ જ વાત આપણે પ્રત્યક્ષ કરી જોઈએ. આ ગંદા પાણીને હું ચાખી જોઉં છું, એ જ રીતે દરેક વિદ્યાર્થી ચાખી જુએ.' પ્રોફેસરે પોતાના હાથની એક આંગળી બોળી અને પાણી ચાખી જોયું. એનું નિરીક્ષણ કરી વિદ્યાર્થીઓએ મોં બગાડી, આંગળી ડુબાડી એ ગંદું પાણી ચાખી જોયું. બધાંનાં મોઢાં બગડી ગયા. આ જોઈ પ્રોફેસરે કહ્યું : 'તમારામાં ગંધ માટેની સહનશક્તિ તો છે. પણ નિરીક્ષણ શક્તિનો અભાવ છે. તમારામાંથી કોઈએ એ ના જોયું કે મેં પાણીમાં એક આંગળી ડૂબાડી અને ચાખી બીજી આંગળી. જ્યારે તમે તો જે આંગળી પાણીમાં બોળી એ જ ચાખી લીધી. આ સાંભળી બધાં વિદ્યાર્થીઓ નીચું જોઈ ગયાં.

– હરિશ નાયક

## સંભાષણ



♦ તમારી અને તમારા દાદી વચ્ચે તમારા અભ્યાસ વિશે થતો સંવાદ લખો.





વર્ગમાં ઉપરના કાર્યનું પ્રાત્યક્ષિક કરી બતાવવું અને જુદાં જુદાં ઉદાહરણો દ્વારા નિરીક્ષણ શક્તિનું મહત્વ સમજાવવું.

# ૨૪. ચાંદો સૂરજ રમતા'તા

♦ ચાલો, ગાઈએ

ચાંદો સૂરજ રમતા'તા,
રમતાં રમતાં કોડી જડી.
કોડીનાં મેં ચીભડાં લીધાં,
ચીભડે મને બી દીધાં.




બી મેં વાડે નાખ્યાં,
વાડે મને વેલો આપ્યો.
વેલો મેં ગાયને નાખ્યો,
ગાયે મને દૂધ આપ્યું.




દૂધ મેં મોરને પાયું,
મોરે મને પીછું આપ્યું.
પીછું મેં બાદહશાહને આપ્યું,
બાદશાહે મને ઘોડો આપ્યો.




ઘોડો મેં બાવળે બાંધ્યો,
બાવળે મને શૂળ આપી.
શૂળ મેં ટીંબે ખોસી,
ટીંબે મને માટી આપી.



માટી મેં કુંભારને આપી,
કુંભારે મને ઘડો આપ્યો.
ઘડો મેં કૂવાને આપ્યો,
કૂવે મને પાણી આપ્યું.




પાણી મે ફૂલછોડને પાયું,
છોડે મને ફૂલ આપ્યાં.
ફૂલ મેં મહાદેવને ચડાવ્યાં,
મહાદેવે મને લાડવો આપ્યો.
એ લાડવો હું ખાઈ ગયો.

♦ આ ગીતમાં આવેલાં અપરિચિત શબ્દોનો અર્થ શોધો.
♦ પુસ્તકાલયમાંથી આવા બીજા લોકગીતો મેળવીને ગાઓ.

## ♦ રમીએ અને શીખીએ






પૌષ્ટિક - લાભકારક અને હાનિકારક ખોરાક (જંકફૂડ) વિશે, તેનાથી થતાં લાભ/હાનિ વિશે સવિસ્તાર માહિતી આપી, સ્વાસ્થ્યપ્રદ સંતુલિત ખોરાક ખાવાની પ્રેરણા કરવી.

પ્રિય બાળમિત્રો,

કોઈપણ દ્વારા કરાતા અયોગ્ય સ્પર્શથી જો તમે અસહજતા અનુભવો તો તમારે ચૂપ ન રહેવું જોઈએ. તમે...

૧. આમ થવામાં તમારો કોઈ દોષ નથી, તે યાદ રાખો

૨. તમારી કોઈ વિશ્વાસુ વ્યક્તિને આ બનાવ વિશે જાણ કરો.

૩. તમે પોક્સો ઈ-બૉક્સ મારફત રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગને પણ જાણ કરી શકો છો.

**અયોગ્ય, અસુરક્ષિત સ્પર્શના કારણે તમે મૂંઝવણ અનુભવતા હો, તો એ માટે તમારે દુઃખી થવાની જરૂર નથી. કારણ કે એમાં તમારો કોઈ દોષ જ નથી.**




આ બટન દબાવો.

POCSO e-box સંકેતસ્થળ ncpcr@gov.in પર ઉપલબ્ધ છે.

**તમારી વય ૧૮ વર્ષ કરતાં નાની છે અને તમે કોઈ મુશ્કેલીમાં છો, કોઈ તકલીફ-મૂંઝવણ-તાણ અનુભવો છો અથવા તમે આ પ્રકારનો ત્રાસ સહન કરતાં કોઈ બાળકને જાણો છો તો સંપર્ક કરો.**

CHILD LINE 1098 NIGHT & DAY

બાળ સહાયતા ક્રમાંક - 1098/૧૦૯૮ (દસ નવ આઠ) : ૨૪ કલાક કાર્યરત રાષ્ટ્રીય આપાત્કાલીન મફત દૂરધ્વનિ સેવા છે, જે મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા સમર્થિત 'ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા' દ્વારા ચલાવાતો ઉપક્રમ છે.

નવા સમાજ તરફ
Towards a new dawn

# राज्यगीत

जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।धृ।।

भिती न आम्हा तुझी मुळी ही गडगडणाऱ्या नभा
अस्मानाच्या सुलतानीला जबाब देती जिभा
सह्याद्रीचा सिंह गर्जतो शिव शंभू राजा
दरी दरीतून नाद गुंजला महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।१।।

काळ्या छातीवरी कोरली, अभिमानाची लेणी
पोलादी मनगटे खेळती, खेळ जीवघेणी
दारिद्र्याच्या उन्हात शिजला
निढळाच्या घामाने भिजला
देश गौरवासाठी झिजला
दिल्लीचे ही तख्त राखितो, महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा ।।२।।



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

बालभारती इयत्ता तिसरी (गुजराती माध्यम)

₹ 68.00